dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 224 | AD - 2024, Vaishakh sud - 10 | Saturday, Dt.18-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સપા સરકારના રાજમાં યુપી ગુનાખોરીમાં ટોપ પર હતું હવે ગુંડાઓ ભોંભીતર

# બુલડોઝર ક્યાં ચલાવવું તે યોગીજી પાસેથી શીખો : મોદી

### શહેજાદાએ બંગાળના ફઈ પાસે શરણ લીધી છે

ફતેહપુર,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફતેહપુરમાં ચૂંટણી રેલીમાં સંબોધન કરતા કહ્યું- મેં તમને પહેલા જ કહ્યું હતું કે શહેજાદા કેરળના વાયનાડથી ભાગશે. જુઓ તે ભાગી ગયા કે નહીં. મેં તમને કહ્યું કે તે અમેઠીની તરફ જવાની હિંમત પણ નહીં કરે. સમાચાર પાક્કા નીકળ્યા. હવે વધુમાં સમાચાર એ છે કે કોંગ્રેસે સન્માન બચાવવા માટે મિશન-૫૦ રાખ્યું છે. મોદીએ કહ્યું- કોંગ્રેસ અને સપા બંનેની કુંડળીઓ મળે છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બારાબંકીમાં ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે જો સપા-કોંગ્રેસની સરકાર આવશે તો તેઓ ફરીથી રામ લલ્લાને તંબુમાં મોકલી દેશે. આ લોકો રામ મંદિર પર બુલડોઝર ચલાવશે. તેમણે બુલડોઝર ક્યાં ચલાવવું અને ક્યાં નહીં તે અંગે યોગીજી પાસેથી ટ્યુશન લેવું જોઈએ. પીએમએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે રાયબરેલીના લોકો વડાપ્રધાનને પસંદ કરશે. આ સાંભળીને સમાજવાદી શહેજાદાનું દિલ તૂટી ગયું. બસ આંસુ ન નીકળ્યા. જેમ જેમ ચૂંટણીઓ આગળ વધી રહી છે. આ ઈન્ડી લોકો પત્તાની જેમ વિખેરાવા લાગ્યા. સમાજવાદી શહેજાદાએ નવા ફઈની શરણ લીધી છે. આ નવા ફઈ બંગાળના છે. ગુરુવારે વડાપ્રધાને યુપીના ૪ શહેરોમાં આઝમગઢ, જૌનપુરી, ભદોહી અને પ્રતાપગઢમાં રેલી કરી હતી. મોદીએ કહ્યું- હવે જ્યારથી ભાજપની સરકાર આવી છે, ઝડપથી ઘરો બનવા



લાગ્યા છે. હવે ભાજપ સરકારે ગામડાઓ અને શહેરોમાં મકાનો બનાવ્યા છે. જેમના મકાનો નથી બન્યા તેમને હું ખાતરી આપું છું કે તે તમામ ગરીબોના ઘર બનાવવામાં આવશે. ફતેહપુર કૌશાંબી અને હમીરપુરના લોકો પોતે સમજી રહ્યા છે કે વિકાસ કેવી રીતે થાય છે. હવે જુઓ, કાનપુર-કોલકાતા હાઈવે ૬ લેન બની રહ્યો છે. દરેક જગ્યાએ વિકાસ થઈ રહ્યો છે અને ભાગ્ય બદલાઈ રહ્યું છે.

મોદીએ કહ્યું- મુલાયમ સિંહ યાદવના પુત્ર હોવાના કારણે મને તેમની પાસેથી અપેક્ષાઓ હતી પરંતુ હું નિરાશ થયો. આ અંગે તમને જણાવું કે જ્યારે હું ૨૦૧૪માં વડાપ્રધાન બન્યો હતો, મેં સપા સરકાર પાસેથી પીએમ આવાસ યોજના બનાવવા માટે યાદી માંગી હતી. પણ તેમણે આપી નહીં. મોદીએ કહ્યું- યુપીમાં પણ સૌથી વધુ મેટ્રો છે. યુપી તમામ યોજનાઓમાં ટોચ પર છે અને વધુ સારું કામ થઈ રહ્યું છે. જ્યારે હું સત્તામાં આવ્યો ત્યારે મને લાગતું હતું કે સપાના શહેજાદા યુપીના ગરીબો માટે કંઈક વધુ સારું કરવાનું વિચારશે. પણ પાછળથી મારી બધી આશાઓ તૂટી ગઈ. શહેજાદાએ ગરીબો માટે કંઈ વિચાર્યું નથી. મોદીએ કહ્યું, તેમના ગઠબંધનના લોકો કહે છે તેઓ સત્તામાં આવ્યા પછી સનાતન ધર્મનો નાશ કરશે. તમે મને કહો કે શું આ લોકો તમારા એક મતને પણ લાયક છે? તેમને એક પણ મત આપવો જોઈએ? તેમના જામીન પણ જપ્ત કરવા જોઈએ. મોદીએ કહ્યું- તેમના શાસનનો એજન્ડા હતો કે વન ડિસ્ટ્રિક્ટ, વન માફિયા. આ લોકો આખો જિલ્લો એક માફિયાને આપી દે છે. હત્યા અને હિંસા શરૂ થાય છે. તેઓ ખંડણી વસુલે છે. બહેન-દીકરીઓ ઘરની બહાર નીકળવાનું બંધ થઈ જાય છે. તમે લોકોએ એ દિવસો જોયા હશે. પણ જ્યારથી યોગી અને આપણા કેશવજીની સરકાર આવી છે ત્યારથી આ માફિયા માફી માંગીને નાસતો ફરતો હતો. સપાનો માફિયા પ્રેમ હજુ ખતમ નથી થયો. મોદીએ કહ્યું- કોંગ્રેસ અને સપા બંનેની કુંડળીઓ મેળ ખાય છે. આ બંને પરિવારવાદને સમર્પિત છે.

# દેશમાં ગૌહત્યા અને ગૌ તસ્કરી કરનારાઓને ઉંધા લટકાવી સીધા કરાશે : અમિત શાહ

(એ.આર.એલ),સીતામઢી,તા.૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકોને ખાતરી આપી હતી કે અહીં ગૌહત્યા અને ગૌ તસ્કરી બંધ કરાવવામાં આવશે. એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, જેઓ ગૌહત્યા કરશે તેમને ઊંધા લટકાવીને સીધા કરી દેવામાં આવશે. આ માતા સીતાની ભૂમિ છે. અહીં, ગૌહત્યા અને ગૌ તસ્કરી ચલાવી લેવામાં આવશે નહીં.

આ મોદી સરકારની ગેરંટી છે. પીઓકે અમે લઈને જ રહીશું તે નિવેદનનો પણ તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. મહિલા આરક્ષણ વિશે વાત કરતા તેમણે કહ્યું કે લાલુ યાદવ અને કોંગ્રેસ આટલા વર્ષોથી અહીં બેઠા હતા, આ તેમની છેલ્લી ટર્મ હોઈ શકે છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદીએ સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું કામ કર્યું છે.

# ૧૬૦ કિ.મી.ની સ્પીડ સાથે અમદાવાદ-મુંબઈ વચ્ચે બીજી વંદે ભારત ટ્રેન દોડશે

મુંબઈ,તા.૧૭

અમદાવાદ- મુંબઈ રૂટ પર દોડી રહેલી વંદે ભારતને મળેલી સફળતાને ધ્યાને લઈને વધુ એક વંદે ભારત ટ્રેન આ રૂટ પર શરૂ થનાર છે. આગામી વંદે ભારત ઝડપ બાબતે ખાસ હશે. અમદાવાદ મુંબઈ રૂટ પર વંદે ભારત ઝડપથી મુસાફરોને તેમના ગંતવ્ય સુધી પહોંચાડશે. સૂત્રો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, અમદાવાદ મુંબઈ વચ્ચેના રૂટ પર ચાલનારી આ નવી વંદે ભારત તેની ટોપ સ્પીડ સાથે દોડશે એટલે કે આ રૂટ પર આગામી વંદે ભારતની સ્પીડ ૧૬૦ કિ.મી. પ્રતિ કલાક હોઈ શકે છે. જેનો અર્થ એ થયો કે, મુસાફરોને તેમના સ્થળે પહોંચવામાં ઓછો સમય લાગશે. ફ્રી પ્રેસ જર્નલના અહેવાલ અનુસાર, અમદાવાદ-મુંબઈ રૂટ પર નવી વંદે ભારતની ઝડપને લઈને ત્રીજી અને છેલ્લી ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. નવી વંદે ભારત ટ્રેન સ્પીડ, પેસેન્જર સુવિધાઓ અને સલામતી સુવિધાઓના સંદર્ભમાં અન્ય વંદે ભારત ટ્રેનો કરતાં વધુ સારી હશે.

## શેરબજારમાં તેજીનો નવો દોર, સેન્સેક્સે ૭૪૦૦૦ની સપાટી સ્પર્શી

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭

શેરબજારમાં તેજીનો નવો દોર હોય તેમ આજે પણ ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ ૭૪૦૦૦ની સપાટીને પાર કરીને પાછો ફર્યો હતો. શેરબજારની આજે શરૂઆત તેજીના ટોને થઈ હતી. વિશ્વબજારમાં ઉછાળો હોવાથી સંગીન પડઘો પડ્યો હતો. ખાસ કરીને અમેરિકામાં ડાઉજોન્સ ઈતિહાસમાં પ્રથમ વખત ૪૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો હોવાથી સારી અસર થઈ હતી. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી ધીમી પડતા અને સ્વદેશી ફંડો જંગી રોકાણ ઠાલવતા હોવાથી માર્કેટમાં દબાણ વર્તાતું નથી. સારી અસર પડી રહી છે. ચૂંટણીમાં મોદી સરકારની જીત થવાનો આશાવાદ પણ દ્રઢ બનતો હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે. ચૂંટણી પરિણામોને હવે એકાદ અઠવાડિયાની વાર છે તે પૂર્વે માર્કેટ કેવું રહે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે. દરમ્યાન શેરબજાર આવતીકાલે શનિવાર હોવા છતાં બપોર સુધી ચાલુ રહેવાનું છે. આવતીકાલે સવારે ૯-૧૫ થી ૧૦ અને ૧૧-૩૦ થી ૧૨-૩૦ તેમ બે સેશનમાં કામકાજ થશે. સોમવારે મુંબઈમાં લોકસભા ચૂંટણીનું મતદાન હોવાને કારણે માર્કેટ બંધ રહેવાનું છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૧૮-૦૫-૨૦૨૪

## છેલ્લાં પાંચ મહિનાથી પગાર નહી થતા સફાઈ કામદારોમાં ભારે રોષ

# બગસરામાં 'નગરપાલિકા હાય-હાય'ના સૂત્રોચ્ચાર સાથે રેલી

### મહિલાઓએ છાજીયા લીધા, પાલિકા દ્વારા ફરી લોલીપોપ

અમરેલી,તા.૧૭

બગસરા નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓ, પેન્શનરો અને સફાઈ કામદારોને છેલ્લાં પાંચ મહિનાથી પગાર નહી મળતા સફાઈ કામદારોની ધીરજ ખુટી હતી અને સફાઈ કામદારોએ ''નગરપાલિકા હાય-હાય''ના નારા સાથે રેલી યોજી નગરપાલિકાનો ઘેરાવ કર્યો હતો. બગસરા નગરપાલિકામાં કામ કરતા સફાઈ કામદારો સહિત કોઈ





કર્મચારીઓનો પગાર નહી થતા તેમને ઘર ચલાવવાના પણ ફાંફા પડી રહ્યાં છે. જેથી સફાઈ કામદારોની ધીરજ ખુટી હતી અને અને રેલી સ્વરૂપે નગરપાલિકા હાય-હાયના નારા સાથે મહિલાઓએ પાલિકા પ્રમુખના નામના છાજીયા લીધા હતા. પાલિકા કચેરીએ પાલિકા પ્રમુખ પ્રતિનિધિએ ફરી એકવાર પગાર બાબતે લોલીપોપ આપી હતી. જાણવા મળતી માહિતી મુજબ રાજય સરકારના શહેર વિકાસ વિભાગ દ્વારા ગુજરાત ફાઈનાન્સ બોર્ડને ગ્રાન્ટની ફાળવણી જ કરવામાં આવી નથી. પગાર બાબતે હુકમ થયો હોય પરંતુ ફાયનાન્સ બોર્ડ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં ન આવતા સફાઈ કામદારોની હાલત કફોડી બની છે. રાજકીય નેતાઓ સાથે ફોટોસેશન કરવા પહોંચતા પાલિકાના પદાધિકારીઓ સફાઈ કામદારો અને કર્મચારીઓ માટે શા માટે ગાંધીનગર પહોંચતા નથી તેવો પણ સવાલ ઉઠવા પામ્યો છે.

# અમરેલી જિલ્લાની ગૌશાળાઓને આત્મનિર્ભર બનાવવા ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં અબોલ જીવ માટે અમરેલી જિલ્લા ગૌ સંવર્ધન સેલ બીજેપી એક્ટિવ થયું છે. આગામી સમયમાં આ માટે સ્કૂલ, કોલેજ, આંગણવાડીમાં વર્ષમાં એકવાર મુલાકાત, તેના વિશે અવેરનેસ કાર્યક્રમ, ગૌ વિજ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.



આ ઉપરાંત જિલ્લાનાં DRDO વિભાગ અંતર્ગત આવતા શ્રી ગૌ મોલ દ્વારા પ્રોજેક્ટમાં સહયોગથી ગૌશાળા, ગોપાલકો આત્મનિર્ભર બને અને અમરેલી જિલ્લા ગૌ સંવર્ધન અને ગૌ પ્રોડક્ટ શરુ કરાવામાં આવશે. આ સંદર્ભે વિએચપી પ્રમુખ બાબુભાઈ સોલંકી, સંયોજક ગૌ સંવર્ધન સેલ અમરેલી જિલ્લા બીજેપી પ્રશાંતભાઈ ચુડાસમા, સહ સંયોજક તેજસભાઈ નિમાવતે કલેકટર અજય દહીયા સાથે મુલાકાત કરી હતી.

# જે.વી. કાકડીયાના પ્રયત્નોથી ખાંભામાં કોલેજને મંજૂરી મળતા વિદ્યાર્થીઓમાં આનંદ

અમરેલી,તા.૧૭

ખાંભા તાલુકા પંથકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક ખુશીના સમાચાર આવ્યા છે. ખાંભામાં કોલેજ શરૂ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મંજૂરી મળી ગઈ છે. ધારી, બગસરા, ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને મહિલા અને બાળ વિકાસ વિભાગના ચેરમેન



અરવિંદભાઈ ચાવડા દ્વારા ગુજરાત સરકારમાં ખાંભામાં કોલેજ શરૂ કરવા માટે મંજૂરી



માંગવામાં આવી હતી. જેના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા આ વર્ષથી ખાંભા તાલુકા માટે કોલેજ શરૂ કરવામાં આવનાર છે. વિદ્યાર્થીઓ ધો. ૧૨ પછી આ વર્ષથી જ કોલેજમાં અભ્યાસ કરી શકશે. આમ કોલેજને મંજૂરી અપાવવા બદલ ખાંભા પંથકના વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને સામાજિક આગેવાનો દ્વારા ધારાસભ્ય જે.વી. કાકડીયા અને અરવિંદભાઈ ચાવડાનો આભાર માનવામાં આવ્યો હતો.

# દામનગર નજીક પાડરશીંગા મુકામે ભાગવત કથાનો પ્રારંભ

દામનગર, તા.૧૭

દામનગર નજીક આવેલ પાડરશીંગા નકળંગ ધામ આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો મંગલ પ્રારંભ થયો છે. આ સપ્તાહમાં વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવવામાં આવનાર છે જેમાં તા. ૨૦ ને સોમવારે રામાપીર મંદિરનો પાટોત્સવ અને વિષ્ણુયજ્ઞ યોજાશે. જેમાં આચાર્ય કિશોરદાસજી વિધિ કરાવશે. આ કથામાં વ્યાસપીઠ પરથી દિપકભાઈ મહેતા કથાનું રસપાન કરાવી રહ્યા છે. આ





પ્રસંગે તા.૧૯ ને રવિવારે સવારના સંત દર્શન અને ધર્મસભાનો લાભ મળશે અને બપોરના સંતોની ઉપસ્થિતિમાં ગૌશાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. તેમજ રાત્રિના સંતવાણીમાં નામી અનામી કલાકારો ભજનની રમઝટ બોલાવશે.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિ ચૂકવાઈ

બગસરા,તા.૧૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ધારી શાખા દ્વારા સભાસદના વારસદારને બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવવામાં આવી છે. જેમાં સભાસદ બતુલબેન સૈફુદીનભાઈ ત્રવાડીનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તફથી બાજપાઈ સહાય નિધિની રકમ ૨૫,૦૦૦ રૂપિયાનો ચેક



અર્પણ કરવામાં આવ્યો છે. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેષભાઈ ડોડીઆ, શાખા એમ. ડી. કેતનભાઈ ધકાણ, ડીરેક્ટર વિનુભાઈ પટોળીયા, એડવાઈઝરી બોર્ડ મેમ્બર ભરતભાઈ આમલસેડા, નિલેશભાઈ ઘેલાણી હાજર રહ્યાં હતાં.

# અમરેલી પંથકમાં મોટર ચોરનાર તસ્કરોને ઝડપી પાડતી પોલીસ

અમરેલી,તા.૧૭

અમરેલી પંથકમાંથી પ્રવિણભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી, મધુભાઈ તળાવીયા, મેહુલભાઈ ધાનાણીની ઈલેકટ્રીક મોટર મળી કુલ ૬ નંગ મોટર કિંમત રૂપિયા ૬૫ હજારના મુદ્દામાલની ચોરી કરીને લઈ ગયા હતા. જેથી આ અંગે તાલુકા પોલીસ



સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવતા તાલુકા પોલીસે મનોજ ધીરૂ સોલંકી, રાજેશ ધીરૂ તેમજ ગૌતમ સોલંકી નામના શખ્સોની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કર્યો હતો.

# બાબરા પંથકમાં નુકસાનનો સર્વે કરી વળતર આપવા માંગ

બાબરા,તા.૧૭

બાબરા પંથકમાં વાવાઝોડાનાં કારણે શહેરમાં અને તાલુકામાં ખેડૂતો અને વેપારીઓ, જીનિંગ મિલ સહિત જીઆઈડીસીમાં મોટી નુકસાની થઈ છે. આ વરસાદને કારણે મિલ માલિકોને ૫ કરોડ રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. ખેડૂતોને પણ મોટી નુકસાની થઈ છે. જિલ્લા પંચાયત સભ્ય હીંમતભાઈ દેત્રોજા અને તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયાએ ધારાસભ્ય, સાંસદ, રાજ્યનાં કૃષિમંત્રી અને મુખ્યમંત્રીને લેખીત રજૂઆત કરી સર્વે કરી સહાય આપવા માંગ કરી છે.

**જિલ્લા પંચાયતના સદસ્યએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

# પીએમ કિસાન યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ ત્રણ વિગત અપડેટ કરવી

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ(પી.એમ. કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ રુ. ૬,૦૦૦ (ત્રણ સમાન હપ્તામાં) સહાય તેમના ખાતામાં-ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(ડી.બી.ટી.)થી ચૂકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનાનો લાભ લેનારા ખેડૂતોએ ફરજિયાત ત્રણ વિગતો અપડેટ કરવી પડશે જેમાં (૧) લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવી, (૨) બેંક સાથે આધાર સીડિંગ અને ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને (૩) ઈ-કે.વાય.સી. કરાવવાનો સમાવેશ થાય છે. જે ખેડૂતોને પી.એમ. કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેમણે આ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહે છે. લાભ મેળવતા ખેડૂતો પી.એમ.કિસાન વેબસાઈટ પર જઈને




આ વિગતો ચેક કરી શકે છે અથવા આ માટે ગ્રામપંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ગ્રામસેવકની સહાય મેળવી તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે. આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ રુબરુ હાજરી આપવી જરુરી રહેશે. આ અંગેની વધુ વિગતો માટે તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધિકારી (ખેતી)નો અથવા ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઈ. અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

**આ રીતે ખેડૂતો વિગત અપડેટ કરાવી શકશે**

જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે "NO"/"REJECTED" બતાવે તો લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે આપની તાલુકા પંચાયતનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઇનેબલ માટે આપનું બેંક ખાતું હોય તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા આપની નજીકની ઇન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફિસ)નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઇ-કે.વાય.સી. કરાવવા માટે જે-તે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના વી.સી.ઇ.નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકાશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### પીએમ રિપોર્ટમાં પણ સિંહણનું પાણીમાં પડી જવાથી મોત નિપજ્યાનો ખુલાસો થયો

# બગસરાના ડેમ વિસ્તારમાં શિકાર કરવા જતાં સિંહણનું કૂવામાં પડી જવાથી મોત

## સિંહણના મોતથી સિંહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી

બગસરા, તા.૧૭

બગસરાનાં મુંજીયાસર ડેમ વિસ્તારમાં રફાળા અને નાના મુંજીયાસરના સીમાડા પાસે આવેલી જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયાની વાડીમાં આવેલ કૂવામાં સિંહણ પડી જતા તેનું મોત થયું હતું. મળતી વિગતો મુજબ આ અંદાજે ૭૦ થી ૮૦ ફૂટ જેટલા ઊંડા કૂવાની અંદર એક બકરી પડી હતી જેને બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ વહેલી સવાર અથવા તો મોડી રાતનાં શિકારની શોધમાં નીકળેલી ૧૦ વર્ષની માદા સિંહણે શિકાર પાછળ દોટ મુકતા કૂવાની અંદર પડી ગયેલ હતી. જ્યારે આ બાબતની જાણ ખેડૂતને સવારે ખેતરે આવતા થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરી હતી. જંગલ ખાતાને જાણ થતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલીક ત્યાં પહોંચી ગયો. ત્યારબાદ જંગલ ખાતાએ આ સિંહણને કૂવામાંથી



બહાર કાઢી સિંહણને મૃત જાહેર કરી હતી. બાદમાં આ સિંહણને જંગલ ખાતાની હોસ્પિટલ ખાતે પીએમ કરવા લઈ ગયા હતા અને પીએમ રિપોર્ટમાં પણ પાણીમાં પડી જવાથી મોત નિપજ્યું છે તેવું જાણવા મળ્યું હતું. આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોને પોતાની વાડીએ જવું ખૂબ મુશ્કેલ બન્યું છે. રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિહો આંટાફેરા મારતા અને શિકાર માટે જ્યાં ત્યાં ફરતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### બે દિવસમાં સિંહ-સિંહણના થયા મોત

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી સિંહો પર જાણે ઘાત હોય તેમ કમોતે મરી રહ્યાં છે. છેલ્લાં બે દિવસમાં પીપાવાવ પોર્ટ ખાતે તળાવમાં અને બગસરા નજીક કૂવામાં પડી જવાથી મોત નિપજ્યુ હતુ. સિંહોના મોતથી સિંહની સુરક્ષા સામે પણ સવાલો ઉભા થયા છે. ગીરની શાન સમા સિંહોના મોતને કારણે સિંહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

# પીપાવાવ પોર્ટના તળાવમાંથી સિંહનો મૃતદેહ મળતા અરેરાટી

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં સિંહોના મોતની ઘટના હવે જાણે સામાન્ય બની ગઈ હોય તેમ લાગી રહ્યુ છે. સિંહોની હાલત કૂતરા જેવી બની ગઈ હોય તેમ કમોતે મરી રહ્યાં છે. આ બાબતે રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયા સિંહને બચાવવા માટે ફાળવાય છે આમ છતાં સિંહો અકસ્માતે મોતને ભેટી રહ્યાં



છે. જેમાં રાજુલાના પીપાવાવ પોર્ટ વિસ્તાર નજીક સિંહોએ સામ્રાજય સ્થાપ્યું છે પણ વનવિભાગના કર્મચારીઓના પેટ્રોલિંગના અભાવે સિંહો નોધારા બન્યા હોવાની પ્રતીતિ થઈ રહી છે. ૩ થી ૫ વર્ષના નર સિંહનો મૃતદેહ વનવિભાગને કોહવાઈ ગયેલી હાલતમાં મળ્યો હતો.

# ખેડૂતોની યોગ્ય માંગણીઓને ધ્યાને લેવા ધારાસભ્ય કસવાલાનો કૃષિમંત્રીને પત્ર

## રાસાયણિક ખાતર DAP સાથે અન્ય ખાતર ન આપવાની લાગણી વ્યક્ત કરતાં કસવાલા

સાવરકુંડલા,તા.૧૭

રાસાયણિક ખાતર ડીએપીની સાથે અન્ય ખાતર ન આપવા બાબતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. સાથે જ ખેડૂતોને પડતી અગવડતા માટે સેમિનાર યોજીને કૃષિલક્ષી ફાયદાઓ સમજાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું છે કે, આગામી ચોમાસાની સિઝન દરમ્યાન ખેડૂતો દ્વારા ડી.એ.પી. ખાતરની ખુબ જ મોટા પ્રમાણમાં માંગ રહે છે તેથી હાલમાં ખેડૂતો



દ્વારા ખરીદ કરવામાં આવતા ડી.એ.પી. ખાતરની સાથો-સાથ અન્ય રાસાયણિક ખાતર ફરજિયાત લેવાનું જણાવવામાં આવે છે જેના કારણે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે તેથી જયારે ડી.એ.પી. ખાતર ખરીદ કરે તેની સાથે અન્ય ખાતર ન આપવાની ધારાસભ્યએ રજૂઆત કરી છે.

### નેનો યુરીયાનો વધુ ઉપયોગ થાય તે માટે સેમિનાર યોજો

ખાતર કંપની દ્વારા માર્કેટમાં મુકવામાં આવેલ ખાતરનાં ઉપયોગ અને ફાયદાથી ખેડૂતો અજાણ હોવાના કારણે ખરીદતા નથી તેથી આ નેનો ડી.એ.પી, નેનો યુરીયાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે કૃષિ તજજ્ઞો અને કંપની નિષ્ણાંતો દ્વારા ખેડૂતોની વચ્ચે જઇ આ ખાતરથી થતા લાભ અંગે સેમિનાર યોજી માર્ગદર્શન આપવું જોઈએ તેથી, ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય અને આર્થિક લાભ મળે તેવા પ્રયત્નો કરવાની માંગ ધારાસભ્યએ પત્રમાં કરી છે.

# લાઠી તાલુકાના દુધાળા ગામે સાવજોએ બે પશુનું મારણ કરતા ફફડાટ ફેલાયો

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના આંટાફેરા વધી ગયા છે. વન્ય પ્રાણીઓ હવે જંગલ વિસ્તાર છોડી છેક લાઠી પંથકમાં ઘૂસી ગયા હોવાથી લોકોમાં ભયનો માહોલ છવાયો છે. બે દિવસ પહેલા લાઠીના દુધાળા રોડ પર સાવજોએ બે પશુનું મારણ કર્યું હતું. અહીં સાવજોના ધામાથી લોકોમાં ભયનો માહોલ છવાયો



હતો. વન વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અમરેલી જિલ્લામાં રેવન્યુ વિસ્તારમાં જંગલી પ્રાણીઓ પ્રવેશ કરતા હોય છે અને પશુનું મારણ કરતા હોય છે. ગીરકાંઠાના ગામડાઓમાં તો આ સમસ્યા ખેડૂતોના માથાના દુઃખાવા સમાન બની છે. ત્યારે હવે લાઠી નજીક સાવજો આવી પહોંચ્યા છે. લાઠીના દુધાળા રોડ પર વહેલી સવારે સાવજોએ બે પશુનું મારણ કર્યું હતું. જેના કારણે ખેડૂતોમાં ભયનો માહોલ છવાયો હતો. અહીં પશુનું સાવજોએ મારણ કરતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. વન્યપ્રાણીઓના આંટાફેરાથી લોકોમાં ભયનું મોજુ ફરી વળ્યુ છે.

# વાવાઝોડાથી થયેલ નુકસાનનું વળતર આપો : જે.વી.કાકડીયા


બગસરા,તા.૧૭

ધારી, બગસરા, ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને કમોસમી વરસાદ અને વાવાઝોડાથી થયેલ નુકસાનીનો સરવે કરી વળતર આપવા માંગ કરી છે. તેમણે પત્રમાં લખ્યું છે કે, ધારી-બગસરા અને ખાંભા તાલુકામાં કમોસમી વરસાદ અને વાવાઝોડાથી ખેડૂતોના પાક જેવા કે, તલ, બાજરી, મગ, જુવાર તેમજ ખાંભા અને ધારી તાલુકામાં બાગાયતી પાકમાં આંબાના ઝાડ પડવાથી ખડૂતોને ભારે નુકસાન થયું છે. એટલું જ નહીં વાવાઝોડાથી મકાનોનાં નળિયા, પતરા ઉડવાથી ઘણા નાના માણસોને પણ નુકસાન થયેલ છે તો તાત્કાલિક આ મામલે સરવે કરીને ખેડૂતો યોગ્ય વળતર આપવા રજૂઆત કરી છે.


સંકુલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ - બાયો મેથ્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. EM ગર્લ્સ સ્કૂલ - બાયોલોજી પ્રવેશ
સંકુલ ઉ.મા. કુમાર શાળા - બાયો મેથ્સ પ્રવેશ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ A & B ગૃપ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ B ગૃપ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ કુમાર શાળા A & B ગૃપ પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 029

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળઃ લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
ધોરણ ૧૨ કોમર્સ (વર્ષ ૨૦૨૪)
સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
■ કુલ વિદ્યાર્થી : 66 ■ પાસ થયેલ વિદ્યાર્થી : 57
■ સંસ્થાનું પરીણામ : 86.36%
A2 Grade : 10 | 95 PR UP : 07 વિદ્યાર્થી
B1 Grade : 16 | 90 PR UP : 10 વિદ્યાર્થી
B2 Grade : 13 | 75 PR UP : 21 વિદ્યાર્થી

ધો. ૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. ૧૦ P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 50% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેક્ચર...
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા જ આપવામાં આવશે.
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા...
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
■ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ...
■ ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ...
■ છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ...
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો... | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas My Voltas My Voltas Voltas Limited My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# ખાંભા પોલીસની સરાહનીય કામગીરી, ભારે પવનથી પડી ગયેલા વૃક્ષો હટાવ્યા


તસવીર : ગોપાલ રાઠોડ

ખાંભા, તા.૧૭

ખાંભા પોલીસે કરેલી પ્રશંસનીય કામગીરીની હાલ સમગ્ર જિલ્લામાં ચર્ચા થઈ રહી છે. ખાંભા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે માહિતી મળી કે ભારે પવનના લીધે ખાંભાથી ઉના જવાના રસ્તા પર પવનના કારણે વૃક્ષો પડી ગયા હોવાથી આ રસ્તો બંધ થઈ ગયો છે.

જે બાદ પેટ્રોલિંગ કરી રહેલા ખાંભા પોલીસ સ્ટાફ પી.એસ.આઈ. હડિયા તથા એ.એસ.આઈ. બી.એમ.વાળા, મિતેષભાઈ વાળા, ધનાભાઈ પરમાર, રાજુભાઈ બોદર, ભલાભાઈ ગમારા, ધર્મેશભાઈ ઠાકર વગેરે પોલીસ સ્ટાફ રસ્તા પર ઝાડ પડેલ હતા ત્યાં પહોંચી ગયા હતા. પોલીસે પોતે આ ઝાડ હટાવવાની કામગીરી કરી અને થોડા જ સમયમાં આ માર્ગ ખુલ્લો કરવામાં પોલીસને સફળતા મળી હતી ત્યારે ત્યાંથી પસાર થયેલા તમામ લોકોએ પોલીસનો આભાર માન્યો હતો અને કામગીરીને બિરદાવી હતી.

# જનકભાઈ તળાવીયાએ માવઠાથી થયેલા પાકને નુકસાનીના વળતર માટે કૃષિમંત્રીને પત્ર લખ્યો



લાઠી, તા.૧૭

અમરેલી જિલ્લામાં થયેલા કમોસમી વરસાદથી ઉનાળુ પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. જેને લઈ લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સહાય આપવા કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર લખ્યો છે. જે મુજબ, લાઠી-બાબરા બન્ને તાલુકામાં તા.૧૪ તેમજ તા.૧૫ મે ૨૦૨૪ ના રોજ થયેલ કમોસમી માવઠું (વરસાદ) તેમજ ભારે પવન સાથે વાવાઝોડું આવવાના કારણે ખેડૂતોને ઉનાળુ બાજરી, તલ, મગ, જુવાર જેવા પાકોને બહોળા પ્રમાણમાં નુકસાન થયેલ છે. ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોએ પોતાની વાડીમાં બનાવેલા મકાનો ધરાશાયી થવાથી ઉપરના પતરા સહિતના સરસામાનને પણ ખુબ જ બહોળા પ્રમાણમાં નુકસાની થઈ છે. લાઠી શહેર તેમજ બાબરા શહેરી વિસ્તારમાં નાના ધંધાર્થી કેબિન ધારકો, ખાણીપીણીની લારીઓ ધરાવતા ધંધાર્થીઓ, જીનીંગ ધારકો, બાબરા જી.આઈ.ડી.સી. ખાતે સંકળાયેલા ધંધાર્થીઓને પણ ખુબ જ મોટા પ્રમાણમાં નુકસાની થયેલ છે તેમજ ખડૂતોના ખેતરમાં પડેલ નિરણ(ઘાસચારો)ને મોટા પ્રમાણમાં નુકસાની થયેલ હોય તો આ બાબતે સત્વરે સરવે કરાવી ખેડૂતોને પાક નુકસાની અંગેનું વળતર આપવા માંગ છે.

# અમરેલીમાં વેપારી પર હિચકારો હુમલો કરી ચાર શખ્સો ફરાર થયા

લોખંડના સળીયા લઈ તૂટી પડ્યા

અમરેલી, તા.૧૭

અમરેલી શહેરમાં વેપારી પર જીવલેણ હુમલો કરી ચાર ઈસમો ફરાર થઈ ગયા હતા. બનાવ સંદર્ભે વિજયભાઈ પ્રહલાદભાઈ જોગરાજીયા (ઉ.વ.૨૫)એ પ્રદીપભાઈ દદુભાઈ ચાંદુ, રાજદીપભાઈ દદુભાઈ ચાંદુ તથા અન્ય બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ તેમને લોખંડના સળીયાથી ફટકારવા લાગ્યા હતા. જેમાં તેને ફ્રેક્ચરની ઈજા થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.ટી.ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા ધનાબાપાના આશ્રમ ખાતે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરાશે

શહેરનાં મુખ્ય માર્ગો પર શોભાયાત્રા અને ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાશે



સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા મારૂતિ નગર ખાતે આવેલ સંત ધનાબાપુનાં આશ્રમ ખાતે આગામી ૧૯-૨૦ મેના રોજ ધનાબાપુના સ્વરૂપનું પૂજન, મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, શાંતિ યજ્ઞ અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન કન્યા પૂજન, હેમાજળી, શહેરનાં મુખ્ય માર્ગો પર શોભાયાત્રા, સંતોનાં સામૈયા, ધર્મસભા, યજ્ઞ પ્રારંભ, સમૂહ મહાપ્રસાદ, બીડું હોમ વગેરે ધાર્મિક પ્રસંગોની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. રવિવારે ભવ્ય સંતવાણી યોજાશે જેમાં ભજનીક હેમંત પરમાર તથા રેખાબેન વાળા ભજન આરાધના કરશે. આ તકે સાવરકુંડલા શહેર અને તાલુકાના યુવાનો બે દિવસ સુધી સેવા આપશે.

# સાવરકુંડલા તાલુકા પેન્શનર મંડળની ૪૨મી વાર્ષિક સાધારણ સભા યોજાશે

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા તાલુકા પેન્શનર મંડળની ૪૨મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૧૯/૦૫ને રવિવારે મહુવા રોડ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકોનું બહુમાન અને ૨૦૨૩ થી ૨૦૨૪નાં હિસાબો તથા અહેવાલ રજૂ કરવામાં આવશે. તાલુકા પેન્શનર મંડળનાં પ્રમુખ અરૂણભાઈ દેવમુરારી, સહમંત્રી વેલજીભાઈ વેગડા, મહામંત્રી રમેશભાઈ એલ. રાવિયા અને ખજાનચી રતિલાલ યાજ્ઞિક દ્વારા એજન્ડા અને તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે જેમાં સાવરકુંડલા શહેર અને તાલુકામાં રહેતા નિવૃત્ત પેન્શનર ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# ખાલસા કંથારીયા ગામના યુવકને અકસ્માત નડ્યો

રાજુલા, તા.૧૭

રાજુલાના ખાલસા કંથારીયા ગામે રહેતા દાનાભાઈ પૂંજાભાઈ જોગદીયા (ઉ.વ.૪૯)એ ખાંભાના નેસડી-૨ ગામના જીગ્નેશભાઈ અરજણભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમનો ભત્રીજો શૈલેષભાઈ રાઘવભાઈ જોગદીયા તા.૧૫/૦૫/૨૦૨૪ ના રોજ મો.સા. રજી.નં.GJ-૦૩-ED-૧૯૭૩ લઈ થોરડી ગામેથી ખાલસા કંથારીયા ગામે આવતા હતા. તેમનો ભત્રીજો બાઈક ચલાવતો હોય અને તેઓ પાછળ બેઠા હતા. સાંજના સાડા ચારેક વાગ્યે રાજુલા-સાવરકુંડલા રોડ ઉપર ભાક્ષી-ભંડારીયા ચોકડીથી મોટા આગરીયા ગામના રસ્તાની વચ્ચે પહોંચતા સામેથી એક સફેદ કલરની મહિન્દ્રા પીકઅપ ગાડી રજી. નં.GJ-૦૪-AT-૭૯૪૨ ના ચાલકે પોતાના હવાલા વાળુ પીકઅપ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી માનવજીંદગી જોખમાય તેમ ગફલતભરી રીતે ચલાવી તેમની મોટર સાયકલ સાથે ભટવ્યું હતું. જેમાં તેમને તથા તેના ભત્રીજાને ઈજા પહોંચી હતી.

અકસ્માત સર્જી ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી ત્રણ સહિત જિલ્લામાંથી ૮ પ્યાસી પકડાયા

પોલીસે દારૂ પી ટલ્લી થઈને ફરતા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૮ પ્યાસીને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

અમરેલી સિટીમાંથી ત્રણ, લીલીયામાંથી બે તથા બાબરકોટ, જાફરાબાદ અને ચલાલામાંથી એક-એક મળી કુલ આઠ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી લીધા હતા. અમરેલી અને મરીન પીપાવાવમાંથી એક એક શખ્સ નશામાં વાહન ચલાવતાં મળી આવ્યો હતો.

# અમરેલીની પરિણીતાને સુરતમાં પતિએ જાનથી મારવાની ધમકી આપી

સાસરિયા નાની નાની બાબતોમાં મેણાટોણા મારતા હતા

અમરેલી, તા.૧૭

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન વડિયાના ચારણીયા ગામે રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયા નાની નાની બાબતોમાં મેણા ટોણા મારતા હતા. ઉપરાંત પતિએ ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે દયાબેન આશીષભાઈ સાવલીયા (ઉ.વ.૩૪)એ પતિ આશીષભાઈ હરીભાઈ સાવલીયા, સાસુ રસીલાબેન હરીભાઈ સાવલીયા, જેઠ હિરેનભાઈ હરીભાઈ સાવલીયા તથા નણંદ અલ્કાબેન સંદીપભાઈ ભુવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને પતિ, સાસુ, જેઠ તથા નણંદ ચારેય જણા નાની નાની બાબતોમાં મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ-ત્રાસ આપી પતિને ચડામણી કરતા હતા. ઉપરાંત પતિએ અવારનવાર ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૧૮-૦૫-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૮,
સૂર્યાસ્ત-૦૭:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૫-૨૦૨૪ શનિવાર

- મેષ: મેષ રાશિના જાતકો આજનો દિવસ આનંદમાં વિતાવશો અને ગુમાવેલા અવસર પાછા મળશે તેમજ નોકરીમાં સારા અધિકાર મળશે.
- વૃષભ: આ રાશિના જાતકોને ધ્યેયપ્રાપ્તિમાં સફળતા મળશે તેમજ સરકારી કામમાં અનુકૂળતા રહેશે અને ભૌતિક સુખ-સુવિધામાં વૃદ્ધિ થશે.
- મિથુન: મિથુન રાશિના જાતકોને અંગત કાર્યોમાં સાવધાની રાખવી તેમજ કામમાં મહેનત વધારે કરવી પડશે અને ધન બાબતે પરેશાની જણાશે.
- કર્ક: ટેન્શનવાળા કાર્યોથી દૂર રહેવું અને ખાવાપીવામાં કાળજી રાખવી તેમજ વડીલ વર્ગથી તકલીફ જણાશે અને ખર્ચનું પ્રમાણ અધિક જણાશે.
- સિંહ: સિંહ રાશિના જાતકોને પરિવારમાં પ્રીતિ જળવાશે અને મનપસંદ કાર્યોમાં રુચિ વધશે તેમજ આર્થિક સુખ સારું મળશે અને કામકાજમાં પ્રગતિ થશે.
- કન્યા: ધારેલા કામમાં સફળતા મળશે અને વિરોધપક્ષથી વિજય મેળવશો તેમજ નીતિ-રીતિથી કામ કરશો તો લાભ થશે, કાર્યોમાં પ્રગતિ ઉત્તમ જણાશે.
- તુલા: ફળ મેળવવા મહેનત વધારે કરવી પડશે અને સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે તેમજ સંપત્તિની બાબતે ઓછું સુખ જણાશે.
- વૃશ્ચિક: પરેશાની કામને બગાડશે અને અકારણ ખર્ચાઓ સંભાળીને કરવા તેમજ ધારેલા કાર્યોમાં રૂકાવટ જણાશે, મહેનતના પ્રમાણમાં ફળ ઓછું મળે.
- ધન: ધન રાશિના જાતકોને રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે તેમજ રોજગારી માટેના પ્રયત્નો સફળ બનશે અને આર્થિક બાબતોમાં વિકાસ થશે.
- મકર: મકર રાશિના જાતકોને રોગ, ઋણ અને વિવાદમાં સાવધાની રાખવી તેમજ નોકરીયાત વર્ગને સામાન્ય સંઘર્ષ જણાશે.
- કુંભ: કુંભ રાશિના જાતકોને મનપસંદ કામમાં સફળતા મળશે તેમજ આપની ભાવનાઓની કદર થશે અને પદોન્નતિ માટે નવી તકો મળશે.
- મીન: મીન રાશિના જાતકોને સાવચેતીથી કામ કરવું તેમજ અચાનક ખર્ચથી પરેશાની વધશે અને નોકરીમાં થોડી પરેશાની જણાશે.

# બાબરા તાલુકામાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર ચુકવવા રજૂઆત



અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં પડેલા કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે પંથકમાં ભારે નુકસાની થઈ છે. ખાસ કરીને ખેડૂતોને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. વાડીમાં બનાવેલા શેડ અને ફરજા પડી ગયા છે. ખેડૂતોની વાડી, ખેતરમાં રાખેલ નીરણ અને ઘાસચારો પલળી ગયા છે તેમજ ખુલ્લી જગ્યામાં રાખેલ કપાસ અને અન્ય પાક બાજરી, જુવાર વગેરેને પણ નુકસાની થઈ છે ત્યારે તાત્કાલિક સરવે કરાવી ખેડૂતો અને લોકોને થયેલી નુકસાનીનું વળતર આપવા અમરેલી જિલ્લા અને બાબરાના કિસાન સંઘના આગેવાનો દ્વારા કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને રજૂઆત કરવામાં આવી છે.

# લાઠી ચોકડી પાસેથી છ ભેંસ, ત્રણ પાડાને બચાવી લેવાયા

પોલીસે કાળો આદમ ખોરાણી સામે ગુનો નોંધ્યો

અમરેલી, તા.૧૭

અમરેલી લાઠી ચોકડી પાસેથી પોલીસે કતલખાને ધકેલાતી છ ભેંસ, ત્રણ પાડા બચાવ્યા હતા. શહેરના બહારપરામાં રહેતો ઈમ્તીયાઝ ઉર્ફે કાળો આદમભાઈ ખોરાણી (ઉ.વ.૩૩) પોતાના હવાલાવાળા ટ્રકમાં છ ભેંસ અને ત્રણ પાડાને કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચોખીચ રીતે ભરીને લઈ જતા ઝડપાયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી.લાપા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાભડા ગામે બે વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુઃખમાં ટાંટીયા ભાંગી નાખવાની ધમકી

દામનગર, તા.૧૭

દામનગરના રાભડા ગામે બે વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુઃખમાં આડેધડ માર મારીને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નિતાબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૩૦) એ ગોરધનભાઈ ગાંગાભાઈ, વિપુલભાઈ ગોરધનભાઈ, લાભુભાઈ ગોરધનભાઈ, કિરીટભાઈ નાનજીભાઈ, મધુભાઈ વાઘાભાઈ, મનિષભાઈ માવજીભાઈ, સંગીતાબેન વિપુલભાઈ તથા વર્ષાબેન લાભુભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના સસરા સાથે ગોરધનભાઈને બે વર્ષ પહેલા માથાકૂટ થઈ હતી. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમના જેઠ લલીતભાઈ ધીરૂભાઈ પરમારને લોખંડના પાઈપ તથા લાકડી વડે આડેધડ ઘા મારતા હતા તે સમયે તેણી તેના જેઠને મારમાંથી છોડાવવા વચ્ચે પડતા ગોરધનભાઈએ તેના હાથમાં રહેલા ધારીયાથી ઘા કરતાં ડાબા હાથના અંગુઠા ઉપર વાગી જતા ઈજા થઈ હતી. ઉપરાંત તેના પતિને રસ્તામાં રોકી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી તેમજ તેને તથા તેના જેઠને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.


હાર્દિક અભિનંદન

અમરેલી જિલ્લાના ખેડૂતોને સહકારી ક્ષેત્ર મારફત વિવિધ સરકારી યોજનાઓનો અવિરત લાભ અપાવનાર ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીની ઈફકોના ચેરમેન તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી

શુભેચ્છક

શ્રી પરશોતમભાઈ કનુભાઈ વેકરીયા–પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ લખમણભાઈ ચાંક – મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રી
ત્રંબકપુર સેવા સહકારી મંડળી લી, તા.ધારી

**તંત્રી લેખ**

# કેનેડાને ભારત સામેનો વિરોધ ભારે પડશે

કેનેડાના સૌથી મોટા રોકાણકારો આજે ચિંતાગ્રસ્ત એટલા માટે છે કે તેમણે ભારતની અંદર ખૂબ મોટા પ્રમાણમાં નાણાકીય રોકાણ કર્યું છે આ ઉપરાંત કેનેડા સાથેનો ભારતનો વ્યાપાર પણ ખૂબ મોટા પ્રમાણમાં છે જો ભારત સાથે તે વિરોધ ચાલુ રાખશે તો કેનેડાને ખૂબ મોટું નુકસાન થશે. નજીકના ભવિષ્યમાં કેનેડામાં ચૂંટણી થવાની છે. ભારત સાથેના વિવાદને કારણે કેનેડામાં રહેતા ભારતીયો તેની વિરુદ્ધમાં છે ખાલીસ્તાની આતંકવાદીઓને બાદ કરતાં મોટાભાગના ભારતીય સમુદાયો પણ કેનેડા સરકારની વિરુદ્ધમાં થઈ ગયા છે આથી આગામી ચૂંટણીમાં કેનેડાની સરકાર સામે મોટુ જોખમ છે અને તે ભારતના વિરોધને કારણે હારી જાય તેવું બનવાની શક્યતા વધુ છે. કેનેડામાં આવતા વર્ષે ઓક્ટોબરમાં ચૂંટણી યોજાઈ શકે છે. જોકે તે પહેલાં જ જાહેર કરાયેલા એક સરવેના પરિણામથી વડાપ્રધાન જસ્ટિન ટૂડો અને લિબરલ પાર્ટીનું ટેન્શન વધી ગયું છે. એવા સંકેતો મળી રહ્યાં છે કે ટૂડો સરકારથી કેનેડાના હિન્દુઓ તો નાખુશ જ છે પણ શીખ સમુદાયના મોટાભાગના મતદારો પણ એવા છે જેઓ તેમને મત આપવાની તરફેણમાં નથી. મુસ્લિમો પણ ટૂડોને સમર્થન નથી આપી રહ્યા!

કેનેડાનાં હિન્દુ અને શીખ સમુદાયના લોકો મોટી સંખ્યામાં કન્ઝર્વેટિવ પાર્ટીને મત આપે તેવા દાવા થઈ રહ્યા છે. દરમિયાન સરવેમાં એ પણ સામે આવ્યું કે ટૂડોની પાર્ટીએ મુસ્લિમો અને યહૂદીઓનું સમર્થન પણ મોટાપાયે ગુમાવ્યું છે. ગાઝા અને ઈઝરાયલના મુદ્દાઓને સંતુલિત કરવાનો સતત પ્રયાસ કરતી ટૂડો સરકારના હાથમાંથી મુસ્લિમ અને યહૂદીઓનું સમર્થન પણ સરકી રહ્યું હોય તેવું લાગે છે. અહેવાલ છે કે ૪૧ ટકા મુસ્લિમો ન્યુ ડેમોક્રેટિક પાર્ટી અથવા એનડીપીને સમર્થન આપી રહ્યા છે. જ્યારે લિબરલ્સના સમર્થનમાં આ આંકડો ૩૧ ટકા છે. અહીં કેનેડામાં રહેતા યહૂદીઓનું પણ ૪૨ ટકા સમર્થન છે. ખાસ વાત એ છે કે કન્ઝર્વેટિવ્સને કેનેડામાં રહેતા મુસ્લિમોનું ૧૫ ટકા સમર્થન મળી રહ્યું છે.

એંગસ રીડ ઈન્સ્ટિટ્યૂટ (ARI) દ્વારા જાહેર કરાયેલા તાજેતરના સરવેમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે કન્ઝર્વેટિવને ૫૩ ટકા હિંદુઓ સમર્થન આપી રહ્યા છે. જ્યારે શીખ સમુદાય મામલે તે એક પોઈન્ટ વધુ છે. તેનાથી વિપરીત ટૂડોની પાર્ટી લિબરલ્સને ૨૨ ટકા હિંદુઓ અને ૨૧ ટકા શીખોનું જ સમર્થન છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કંઝર્વેટિવ્સ તરફ આ સમુદાયોનું આકર્ષણ વધતું જઈ રહ્યું છે જે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. તેનું એક કારણ એ પણ છે કે આ સમુદાયના લોકો ગ્રેટર ટોરોન્ટો એરિયા, મેટ્રો વાનકુવર અને કેલગરીમાં એક મોટી વોટબેન્ક મનાય છે અને આગામી ચૂંટણીમાં તે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના ૨૦૨૨ના રિપોર્ટ અનુસાર, ૨૦૨૧ની વસ્તી ગણતરીમાં દેશમાં ૮ લાખ ૩૦ હજાર હિંદુઓ હતા. આ કુલ વસ્તીના લગભગ ૨.૩ ટકા છે. ખાસ વાત એ છે કે છેલ્લા ૨૦ વર્ષમાં આ સંખ્યા બમણાથી પણ વધી ગઈ છે. એ જ રીતે શીખોની વસ્તી ૭ લાખ ૭૦ હજાર છે અને ૨૦ વર્ષમાં વસ્તી બમણી થઈ ગઈ છે. કેનેડાની ચૂંટણીમાં અન્ય દેશોના હસ્તક્ષેપના લાગેલા આરોપ વચ્ચે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટુડોએ ફરી એક વખત નામ લીધા વગર ભારતની સામે ઝેર ઓકયુ છે.

# ભારતીય ઈતિહાસનું એક સોનેરી પ્રકરણ: ઓપરેશન સ્માઈલિંગ બુદ્ધા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



પોખરણ ખાતે ભારતે પ્રથમ અણુ પરીક્ષણ કર્યું અને તેની ગુંજ વિશ્વભરમાં વ્યાપી ગઈ. અણુ સંપન્ન દેશોએ આનો સખત વિરોધ કર્યો કારણ કે એની સામે કોઈ અણુ રાષ્ટ્ર બને તે એને બિલકુલ પસંદ ન હતું આમ છતાં તે સમયની બાજપાઈ સરકારે શાંતિમય ઉપયોગ માટે અણુ શક્તિની અનિવાર્યતા જગતને જણાવી હતી. ભારતના વિજ્ઞાનીઓની દીર્ઘદ્રષ્ટિ તથા બહુમૂલ્ય સિદ્ધિ ગણાય. આ દ્દષ્ટિએ પરમાણુ-સત્તાઓનો પોખરણ પરમાણુ-વિસ્ફોટ સામેનો વિરોધ ભાગ્યે જ ટકે. સર્વગ્રાહી પરીક્ષણરોધ સંધિ (Comprehensive Test Ban Treaty – CTBT) પ્રમાણે પરમાણુ-વિસ્ફોટની અસરો માટે એક લક્ષ્મણ-રેખા તૈયાર કરી છે. કોઈ પણ વિસ્ફોટ માટે પેદા થતા ન્યૂટ્રૉનની સંખ્યાનો ગુણક-આંક ૧ (એક) થી વધવો જોઈએ નહિ. CTBT ઉપર હસ્તાક્ષર કરનાર કોઈ પણ રાષ્ટ્રને આ મર્યાદારેખા ઓળંગવાનો અધિકાર નથી. પોખરણના પરમાણુ-વિસ્ફોટ દરમિયાન ભારતે આ મર્યાદારેખાનું અક્ષરશઃ પાલન કર્યું છે અને આંતરરાષ્ટ્રીય ધોરણોની સંપૂર્ણપણે કાળજી રાખવામાં આવી. આથી પોખરણ પરમાણુ-વિસ્ફોટથી કોઈ પણ પ્રકારના પ્રદૂષણની સમસ્યા ઊભી થઈ નથી.

પોખરણ પરમાણુ-વિસ્ફોટથી વિશ્વશાંતિ જોખમાશે તેવો વિવાદ કેટલાંક રાષ્ટ્રોએ ઉપાડ્યો છે. આ પહેલાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા અને ચીને લગભગ બે હજારથી વધુ પરમાણુ-વિસ્ફોટ કર્યા છે. જો આ બધા પરમાણુ-વિસ્ફોટ વિશ્વની શાંતિના ભંગનું કારણ ન બન્યા હોય તો પોખરણના પાંચ ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ વિશ્વશાંતિને શી રીતે હાનિ કરે ? વિશ્વશાંતિના સિદ્ધાંતોને વરેલ ભારત સામે પરમાણુ-સત્તાઓએ જગાવેલ વિવાદ તે સંદર્ભમાં અન્યાયકારી ઠરે છે. પોખરણ (પોકરણ) રાજસ્થાનની પશ્ચિમે જેસલમેર જિલ્લામાં આવેલા તાલુકાનું મથક છે. ભૌગોલિક રીતે પોખરણ ૨૬.૫૫ ઉત્તર અક્ષાંશે અને ૭૧.૫૫ પૂર્વ રેખાંશે આવેલું છે.

ઘણા સમય પહેલાં તે જોધપુર જિલ્લામાં હતું, પણ પાછળથી તેનો જેસલમેર જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ જ્યારે તે જોધપુર રાજ્યમાં હતું ત્યારે પોખરણના ઠાકુરે મ્યુનિસિપલ બોર્ડ સ્થાપવાની પહેલ કરી હતી. રાજસ્થાનના જેસલમેર જિલ્લાના પોખરણનું ભૌગોલિક સ્થાન અનોખું છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં પોખરણ પરમાણુ-વિજ્ઞાનના ક્ષેત્રે મહત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. મે, ૧૯૭૪માં ભારતે પોખરણ ખાતે પ્રથમ ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ કર્યો હતો અને ફરીથી મે, ૧૯૯૮માં એક પછી એક એમ પાંચ ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ કરવામાં આવ્યા. આ પાંચ પરમાણુ-વિસ્ફોટમાં એક થરમૉન્યૂક્લિયર (હાઈડ્રોજન-બૉમ્બ) વિસ્ફોટ હતો. ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટની આ બે ઘટનાઓ બાદ પોખરણનું નામ વિશ્વના નકશા ઉપર ઝળકવા માંડ્યું. પ્રાયોગિક ધોરણે કરેલ પોખરણ પરમાણુ-વિસ્ફોટ એ ભારતના પરમાણુ-વિજ્ઞાનીઓ અને ઈજનેરોની એક અપૂર્વ સિદ્ધિ અને પરમાણુ-વિજ્ઞાનના ઈતિહાસમાં સીમાચિહન છે. પોખરણ પરમાણુ-વિસ્ફોટ પહેલાં ભારતે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રે સિદ્ધ કરેલી સફળતાએ અને વિસ્ફોટ બાદ પશ્ચિમી રાજકારણના એકતરફી આર્થિક પ્રતિબંધોએ ભારતને સ્વનિર્ભરતાની દિશામાં આગેકૂચ કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. પરમાણુ-વિસ્ફોટથી માનવ અને વનસ્પતિ સહિત જીવસૃષ્ટિને કોઈ પણ પ્રકારની વિપરીત અસર ન થાય તે જોવાનું રહે છે. આ માટે કેટલાક દેશો દૂર સમુદ્રમાં તો કેટલાક દેશો રણવિસ્તારમાં પરમાણુ-વિસ્ફોટ કરે છે. પ્રાયોગિક પરમાણુ-વિસ્ફોટ માટે ભૂગર્ભ-વિસ્ફોટ એ એક ત્રીજો રસ્તો છે અને ભારતે બંને વખતે પોખરણ ખાતે ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ કર્યા છે. તમામ પ્રકારની સલામતીને લક્ષમાં રાખીને પ્રાયોગિક ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ માટે ભારતે પોખરણની પસંદગી કરી. પ્રથમ કારણ તરીકે પોખરણની આજુબાજુનો પ્રદેશ લગભગ નિર્જન ગણી શકાય તેવો છે, ત્યાં બીજી કોઈ ખાસ વનસ્પતિ નથી. એટલે જીવસૃષ્ટિની સલામતી પરત્વે પોખરણ પરમાણુ-વિસ્ફોટના હેતુ માટે યોગ્ય સ્થળ ગણાય. બીજું કારણ એ છે કે પોખરણ વિસ્તારના પેટાળ (ભૂતળ)માં ઘણી ઊંડાઈ સુધી પાણી કે પાણીના પ્રવાહો માલૂમ પડ્યા નથી. એટલે ભૂતળમાં રેડિયો-ઍક્ટિવિટીને કારણે પાણીને પ્રદૂષિત થવાનો કોઈ ભય નથી. આ બંને કારણોને લીધે પ્રાયોગિક ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ માટે પોખરણ આદર્શ સ્થળ રહ્યું છે. તેથી પોખરણનું નામ જગપ્રસિદ્ધ બન્યું છે. ૧૩ મે, ૧૯૯૮ના રોજ પોખરણ ખાતે કરવામાં આવેલ ચોથા પરમાણુ-વિસ્ફોટનું સ્થળ. આ વિસ્ફોટ ૦.૨ કિલોટનનો હતો. કેટલાંક અનુ-શ્રવણ મથકો વિસ્ફોટ નોંધવામાં નિષ્ફળ રહ્યાં હતાં. પરમાણુ-વિસ્ફોટ પાછળ પરમાણુ-બૉમ્બની ક્ષમતા નક્કી કરવાનો અને વિસ્ફોટ પછીનાં પરિણામોનો માહિતી સંગ્રહ તૈયાર કરવાનો હેતુ રહેલો હોય છે.

આ હેતુના સંદર્ભમાં મે, ૧૯૭૪ના પોખરણ પરમાણુ-વિસ્ફોટનાં પરિણામો અપર્યાપ્ત રહ્યાં. આથી પરમાણુ-વિસ્ફોટની સર્વગ્રાહી માહિતી એકત્રિત કરવા માટે મે, ૧૯૯૮માં પોખરણ ખાતે પાંચ ભૂગર્ભ પરમાણુ-વિસ્ફોટ કરવામાં આવ્યા; જેમાં ચાર ધડાકા વિખંડન (fission) પ્રકારના અને એક સંલયન (fusion) પ્રકારનો થરમૉન્યૂક્લિયર ધડાકો હતો. પરમાણુ-વિસ્ફોટ થતાંની સાથે જ ભૂકંપી તરંગો (seismic waves) પેદા થતા હોય છે. આ તરંગોની તીવ્રતાને આધારે પરમાણુ-બૉમ્બની ક્ષમતાનો અંદાજ મળે છે. મે, ૧૯૭૪ અને મે, ૧૯૯૮માં પોખરણ ખાતે કરેલા પરમાણુ-વિસ્ફોટના લીધે પેદા થયેલા ભૂકંપી તરંગોની તુલના આકૃતિમાં કરી હતી. બંને વખતે એક જ મથકેથી એટલે કે કર્ણાટક રાજ્યના ગૌરીબિદનુર ભૂકંપી અનુશ્રવણ (Gauribidanur seismic monitoring) મથકેથી પરિણામો નોંધવામાં આવ્યાં હતાં. તેથી આ પરિણામો વિશ્વસનીય ગણી શકાય. પરમાણુ-બૉમ્બ કે થરમૉન્યૂક્લિયર બૉમ્બની રચના કરીને તેની ક્ષમતાનો સૈદ્ધાંતિક અંદાજ તૈયાર કરવામાં આવે છે અને વિસ્ફોટ બાદ પ્રાપ્ત પરિણામો સાથે સરખાવવામાં આવે છે. આ સંદર્ભમાં પોખરણના મે, ૧૯૯૮ના પરમાણુ-વિસ્ફોટની એક લાક્ષણિકતા એ રહી છે કે પરમાણુ-વિસ્ફોટ પહેલાં કરેલી સૈદ્ધાંતિક ગણતરીઓ અને વિસ્ફોટ બાદ મળેલાં પરિણામોનો મેળ સધાય છે.

**ભારતમાં ૧૮ મે ૧૯૭૪ના રોજ પોખરણનું પ્રથમ પરમાણુ પરીક્ષણ થયું હતું. આ પરીક્ષણને ઓપરેશન સ્માઈલિંગ બુદ્ધા (Operation Smiling Buddha) નામ આપવામાં આવ્યું હતું. આ પરીક્ષણને તત્કાલિન વૈશ્વિક રાજકીય સ્તરે એક મોટું પગલું માનવામાં આવતું હતું અને તેનો સંબંધ ઈતિહાસના એક સોનેરી પ્રકરણ સાથે છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૨ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૭૧ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૬૦ |
| બાજરી | ૪૦૦ | ૫૧૦ |
| તુવેર | ૧૮૬૦ | ૨૩૬૦ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૭૩૪ | ૨૦૨૩ |
| મગ | ૧૭૭૫ | ૨૦૨૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| વાલ પાપડી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૨૮૫૦ | ૩૪૫૦ |
| વટાણા | ૧૩૭૦ | ૧૭૦૨ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૭૦૫ |
| મગફળી જાડી | ૧૧૨૦ | ૧૩૬૧ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૨૮૫ |
| અળશી | ૧૧૪૬ | ૧૧૪૬ |
| તલી | ૨૫૦૦ | ૨૯૦૦ |
| સુરજમુખી | ૪૫૦ | ૫૪૦ |
| એરંડા | ૯૯૦ | ૧૧૦૦ |
| અજમો | ૧૨૦૦ | ૨૬૦૦ |
| સુવા | ૧૦૫૦ | ૨૦૨૧ |
| સોયાબીન | ૮૫૫ | ૯૦૦ |
| સીંગફાડા | ૧૨૧૦ | ૧૫૬૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૨૧૭ |
| લસણ | ૨૪૫૦ | ૩૩૧૫ |
| ધાણા | ૧૨૫૫ | ૧૬૦૫ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૬૫૦ |
| ધાણી | ૧૩૫૫ | ૧૮૧૨ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૦૨૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૭૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૪૪૮ |
| મેથી | ૧૦૯૦ | ૧૪૬૦ |
| અશેરીયો | ૧૯૨૫ | ૧૯૨૫ |
| કલોંજી | ૩૪૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૪૭૪૧ |
| ગુવારનું બી | ૯૯૫ | ૧૦૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૪૫૦ |
| સાકરટેટી | ૪૦૦ | ૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૨૬૦ | ૫૭૦ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૩૧ |
| ટમેટા | ૧૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૬૦ | ૬૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૩૮૦ | ૬૪૦ |
| ભીંડો | ૩૩૦ | ૫૨૦ |
| ગુવાર | ૨૫૦ | ૪૫૦ |
| ચોળાસીંગ | ૨૬૦ | ૪૩૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૨૮૦ | ૪૩૦ |
| તુરીયા | ૨૪૦ | ૪૦૦ |
| પરવળ | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૪૦ | ૩૫૦ |
| ગાજર | ૧૬૦ | ૨૮૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૯૦ |
| બીટ | ૧૪૦ | ૨૯૦ |
| મેથી | ૩૫૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૯૮૦ | ૨૨૩૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૪૫૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| **જામનગર** | | |
| જીરૂં | ૩૪૦૦ | ૫૬૪૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૨૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૮ |
| મગ | ૧૦૦૦ | ૧૯૨૫ |
| તુવેર | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| અજમો | ૨૨૦૦ | ૩૫૮૦ |
| લસણ | ૧૦૫૦ | ૩૨૯૦ |
| ડુંગળી | ૫૦ | ૩૧૫ |
| બાજરી | ૨૧૧ | ૪૫૦ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૮૨૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૪૦ |
| મગફળી જિણી | ૧૦૫૦ | ૧૧૨૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૫૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૭૫ | ૧૨૩૬ |
| શિંગ મોટી | ૯૭૫ | ૧૨૩૬ |
| શિંગ દાણા | ૧૬૬૫ | ૧૭૦૦ |
| શિંગ ફાડા | ૧૩૮૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૫૫૬ | ૩૦૮૯ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૨૭૨ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| બાજરો | ૪૭૦ | ૪૭૮ |
| જુવાર | ૫૧૮ | ૮૭૦ |
| ઘઉં ટુકડા | ૪૪૩ | ૬૩૯ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૯૨ |
| મકાઈ | ૩૧૧ | ૫૨૪ |
| મગ | ૧૬૮૨ | ૧૮૩૭ |
| અડદ | ૧૭૦૦ | ૧૮૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૭૯ |
| તુવેર | ૧૦૩૦ | ૨૦૦૫ |
| કપાસ | ૯૪૦ | ૧૪૮૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| જીરું | ૧૮૦૦ | ૫૪૭૬ |
| રાયડો | ૯૩૧ | ૯૫૫ |
| રાય | ૫૦૦ | ૧૧૬૫ |
| ઈસબગુલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૪૯૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૩૫ |
| મેથી | ૭૦૦ | ૧૦૩૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૧ |
| મરચા લાંબા | ૭૯૦ | ૨૨૬૦ |
| કાંગ | ૯૧૧ | ૯૭૬ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૩૦ | ૪૭૦ |
| રીંગણાં | ૪૧૦ | ૫૧૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૫૦ |
| કોબીજ | ૨૧૦ | ૨૫૦ |
| ટામેટા | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ગાજર | ૨૨૦ | ૨૭૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૧૦ | ૫૧૦ |
| વટાણા | ૧૬૨૦ | ૧૮૨૦ |
| ચોળાલીલા | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૮૧૦ |
| કાચી કેરી | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૩૦ | ૪૩૦ |
| આદુ | ૨૪૨૦ | ૨૬૨૦ |
| કોથમીર | ૩૨૦ | ૪૨૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૪૫૦ |
| બીટ | ૨૪૦ | ૩૦૦ |
| ગરમર | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૪૩૦ | ૫૩૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૩૨૦ |
| લીંબુ | ૧૦૧૦ | ૧૨૧૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મઠડી | ૧૨૫૧ | ૧૩૫૧ |
| શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| શીંગ નવી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૨૮૨૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૨૬૧ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૭૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| જુવાર | ૪૦૦ | ૮૧૧ |
| મગ | ૧૭૦૦ | ૨૦૧૪ |
| સુવાદાણા | ૧૪૦૧ | ૨૩૯૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ચણા દેશી | ૧૧૨૧ | ૧૩૦૧ |
| તુવેર | ૧૮૦૦ | ૧૯૫૦ |
| એરંડી | ૯૭૬ | ૧૦૭૫ |
| રાય/રાયડો | ૯૭૩ | ૧૦૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૦૪ | ૧૪૫૬ |
| મગફળી | ૧૧૨૫ | ૧૧૪૫ |
| ચણા | ૧૧૩૪ | ૧૨૪૬ |
| જીરૂ | ૩૭૪૦ | ૫૭૦૦ |
| ઘઉં | ૪૮૬ | ૫૪૪ |
| તલ સફેદ | ૨૩૬૫ | ૨૮૨૫ |
| એરંડા | ૯૭૫ | ૯૯૫ |
| મગ | ૧૪૯૦ | ૧૯૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૧૦ | ૧૪૦૦ |
| મગફળી | ૧૦૨૦ | ૧૦૯૫ |
| ઘઉં | ૫૧૭ | ૫૧૭ |
| ચણા | ૯૭૫ | ૧૨૨૫ |
| મગ | ૧૮૩૦ | ૧૮૩૦ |
| ધાણા | ૧૩૦૧ | ૧૩૫૧ |
| એરંડા | ૮૫૫ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૧૬૦૫ | ૧૬૦૫ |
| મેથી | ૯૫૦ | ૯૭૫ |
| શીંગ ફાડા | ૧૪૨૫ | ૧૪૪૫ |
| તુવેર | ૨૦૩૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૧૬૦૦ | ૪૦૦૦ |
| તલ | ૨૬૭૫ | ૨૬૭૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૨૨ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૪૬૫ |
| એરંડા | ૯૫૦ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૫,૪૭૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઈસબગુલ | ૧૯૫૦ | ૨૩૫૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૪ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૯૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૧૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૬૦૧ |
| એરંડા / એરંડી | ૭૫૧ | ૧૧૧૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૫૭૦૧ |
| ક્લોંજી | ૧૨૦૦ | ૩૯૩૧ |
| વરીયાળી | ૯૫૧ | ૧૫૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૬૦૧ | ૫૮૦૧ |
| લસણ સુકું | ૧૧૪૧ | ૩૫૬૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૩૨૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૯૭૧ |
| મઠ | ૪૫૧ | ૧૧૧૧ |
| તુવેર | ૧૨૮૧ | ૨૪૧૧ |
| રાજગરો | ૧૨૭૧ | ૧૨૭૧ |
| રાયડો | ૯૮૧ | ૯૮૧ |
| મેથી | ૮૦૧ | ૧૬૧૧ |
| કાંગ | ૪૦૦ | ૮૮૧ |
| મરચા | ૭૫૧ | ૩૦૦૧ |
| ગુવાર બી | ૮૧૧ | ૮૧૧ |
| સફેદ ચણા | ૧૨૪૬ | ૨૨૯૧ |
| તલ – તલી | ૨૪૦૧ | ૨૮૫૧ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૫૫૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૩૦૬ |
| બાજરો | ૩૬૧ | ૫૫૧ |
| જુવાર | ૪૨૬ | ૮૦૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૮૧ |
| મગ | ૧૫૭૬ | ૧૯૬૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૨૭૧ |
| વાલ | ૫૧૧ | ૧૬૮૧ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૨૯૯૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૯૬ |
| ગોગળી | ૮૫૧ | ૧૧૫૧ |
| વટાણા | ૧૩૨૧ | ૧૪૦૧ |
| **રાજુલા** | | |
| શીગ | ૧૧૩૪ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૨૬૮૧ | ૨૮૦૧ |
| તલ કાળા | ૨૯૮૦ | ૨૯૮૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૫૮ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૨૫ | ૬૦૦ |
| જુવાર | ૪૫૦ | ૮૭૦ |
| મકાઈ | ૪૭૦ | ૪૭૦ |
| મગ | ૧૭૫૦ | ૧૯૦૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૨૫૧ |
| શીગદાણા | ૧૪૨૬ | ૧૪૨૬ |
| સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૧૪૬ | ૧૩૯૬ |
| શીંગ નં-૩૨ | ૧૧૦૫ | ૧૨૮૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૮૦ | ૧૨૬૬ |
| એરીંડા | ૪૩૦ | ૧૦૮૬ |
| જુવાર | ૩૫૦ | ૮૮૩ |
| બાજરી | ૨૫૦ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | - |
| મેથી | ૮૫૦ | ૯૨૪ |
| મગ | ૧૭૫૭ | ૧૮૫૧ |
| સોયાબીન | ૮૫૩ | ૮૬૬ |
| ચણા | ૧૧૫૧ | ૧૨૪૭ |
| તલ સફેદ | ૨૩૦૧ | ૨૮૪૯ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૨૦૧ |
| તુવેર | ૧૯૧૫ | ૧૯૧૫ |
| જીરૂ | ૪૪૪૫ | ૫૪૭૦ |
| ડંગળી લાલ | ૧૫૦ | ૩૩૭ |
| ડુંગળી સફેદ | ૨૩૧ | ૩૦૨ |
| કપાસ | ૫૦૧ | ૧૪૪૦ |
| નાળીયેર | ૩૯૦ | ૧૮૧૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૮૦ |
| મગ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૯૧ |
| એરંડા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| વટાણા | ૭૮૫ | ૭૮૫ |
| બાજરો | ૪૭૧ | ૪૭૧ |
| ધાણા | ૮૨૬ | ૧૦૦૦ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| સુર્યમૂખી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૩૩૫ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૨૮ |
| ધાણા | ૧૧૨૫ | ૧૩૫૦ |
| ઘઉં લોકવન | ૪૪૩ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૧૫ |
| બાજરો | ૪૬૯ | ૪૬૯ |
| મેથી | ૯૦૦ | ૯૩૦ |
| જુવાર | ૬૧૦ | ૬૧૦ |
| તલ કાળા | ૨૯૨૫ | ૨૯૨૫ |
| તલ સફેદ | ૨૬૫૭ | ૨૬૫૭ |
| મગફળી | ૧૧૫૦ | ૧૧૮૦ |
| ડુંગળી | ૧૫૦ | ૧૫૦ |
| સીગફાડા | ૭૯૯ | ૮૬૧ |
| સોયાબીન | ૭૯૯ | ૮૬૧ |
| ચણા સોલે | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રાય | ૯૦૫ | ૧૦૧૫ |
| ધાણી | ૧૪૪૨ | ૧૪૬૫ |
| **કોડીનાર** | | |
| એરંડા | ૯૨૫ | ૧૦૭૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| અડદ | ૧૫૦૦ | ૨૦૧૪ |
| મગ | ૧૫૫૦ | ૨૦૬૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૭૨ |
| સોયા બીન | ૮૦૦ | ૮૭૭ |
| જુવાર | ૬૦૦ | ૭૭૨ |
| બાજરી | ૪૦૦ | ૫૦૬ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૧૭૨ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૭૨૧ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૩૦ |
| મગફળી જિણી | ૧૦૫૦ | ૧૨૩૦ |
| મગફળી | ૧૧૮૭ | ૧૩૫૭ |

## શબ્દ સંજોગ-૧૮૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | |
| | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | ■ | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ૧૯ | ■ | ૨૦ |
| | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ૨૩ | |
| ■ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | ■ | | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | | ૩૧ |
| | ■ | ૩૨ | | | | | ■ | |

**આડી ચાવી :**
(૧) આ ખાનામાં શું લખશો ? લગાવો .....(૩)
(૪) -------મેરે આકા (૩)
(૮) તમારી-------નું માપ કટેલું છે (૩)
(૯) ઘા પડયો હોય તો લગાવો (૩)
(૧૦) મેચમાં------ કેટલે પહોંચ્યો (૩)
(૧૨) ના આવડે તો મન-મગજ પર કરો (૩)
(૧૪) ભરૂચનો એક તાલુકો (૩)
(૧૬) ખર્ચ પર ---- મૂકો, ને કરકસર કરો (૨)
(૧૭) શુદ્ધ, એક જ જાતનું (૪)
(૨૨) તમે નિયમિત દેવી- દેવતાનું----- કરો (૩)
(૨૪) પતિ, રમણ (૨)
(૨૫) બાણ, તીર (૨)
(૨૭) ----- ત્યાં જંપ (૨)
(૨૯) કાર્ય, કર્તવ્ય (૪)
(૩૨) સરદાર વલ્લભભાઈ પટેલનું વતન (આ-અ) (૫)

**ઉભી ચાવી :**
(૧) આ તો ગામડામાં જ જોવા મળે. (૩)
(૨) એક વિદેશી દારૂ (૨)
(૩) ભાષાંતર કરો (૪)
(૫) વાઘ-સિંહ ગમે ત્યારે ગમે એની પર અચાનક કરે (૩)
(૬) માની (૩)
(૭) તરત જવાબ લખો (૩)
(૧૧) કામ, કામદેવ (૩)
(૧૩) આ તો મમ્મીના દિયર (૨)
(૧૪) 'તમે'નું હિન્દી કરો (૨)
(૧૫) એક જાતનું રેશમી વસ્ત્ર (૨)
(૧૬) એક સૂકોમેવો (૨)
(૧૮) માળનો આગળનો પડતો ભાગ (૩)
(૧૯) .... બનીને જીવો (૨)
(૨૦) સોળે સાન ને વીસે -----(૨)
(૨૧) પહેલાં------શ્યામ ફિલ્મો હતી, હવે રંગીન આવી (૨)
(૨૩) વખત બગાડયા વગર લખો (૩)
(૨૪) કાળો ચીકણો કરેલો કાદવ (૨)
(૨૬) તમારા ખિસ્સામાં કેટલી---છે (૩)
(૨૭) સંબંધ, સંયોગ (૨)
(૨૮) આ ખાનું રદ કરો (૨)
(૩૦) રસ હોય તોજ આ ખાનું ભરજો (૨)
(૩૧) તાકાત, જોર (૨)

## શબ્દ સંજોગ-૧૮૦૨ જવાબ

**આડી ચાવી:** (૧) અર્ધાંગિની (૩) દમન (૫) સગો (૬) વામ (૮) નામના (૧૦) રાઈસ (૧૧) કરતલ (૧૩) સુર (૧૫) જાન (૧૬) હાંફ (૧૭) લસણ (૧૯) માયા (૨૧) શ્રી (૨૩) દરેક (૨૫) મતલબ (૨૬) સાવ (૨૭) મતલબ

**ઊભી ચાવી:** (૧) અર્ચના (૨) ગિરનાર (૩) દગો (૪) નવાઈ (૫) સવાલ (૭) મસ (૯) મકર (૧૦) રાઈ (૧૨) તરફ (૧૩) સુદામા (૧૪) વાલ (૧૫) જાણ (૧૮) સરતબ (સરબત) (૨૦) યાદવ (૨૨) શબરી (૨૪) કમ (૨૫) મલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગ સૌજન્ય મુલાકાતે

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪ ની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી.



જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી. ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેન્ક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

# મૂળ રાજુલાના કોટડી ગામના આહીર પરિવારના પિતા-પુત્રના સુરતમાં અંતિમ સંસ્કાર

**અંતિમયાત્રામાં આખુ ગામ હીબકે ચડયું**

સુરત,તા.૧૭

સુરતની એક જ સોસાયટીમાં રહેતા પ્રવાસીઓ પોઈચા ખાતે નર્મદા નદીમાં ન્હાવા પડતાં પાણીમાં ગરકાવ થયા હતા. 'બચાવો... બચાવો'ની બૂમો ઊઠતાં સ્થાનિક નાવિકો પણ બચાવવા પાણીમાં કૂદ્યા હતા. કુલ ૮ પ્રવાસીમાં ત્રણ નાના બાળકો હતાં. સ્થાનિકો દ્વારા એકને બચાવી લેવામાં આવ્યો હતો.



જ્યારે ૭ લોકો પાણીમાં ડૂબ્યા હતા. જે બાદ તબક્કાવાર તેમના મૃતદેહો મળ્યા હતા. બુધવારે એક જ દિવસમાં પિતા સાથે બે પુત્રો, ભત્રીજા સહિત ચારના મૃતદેહો મળી આવ્યા હતા. જ્યારે ૭ વર્ષનો આર્યન હજુ પણ લાપત્તા છે. એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ ગત રાત્રે ઘરે લાવવામાં આવ્યા હતા. રાત્રે જ અંતિમયાત્રા કાઢવામાં આવી હતી અને ચારેયના સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ અંતિમયાત્રામાં આખુ ગામ હીબકે ચડ્યું હોય તેવા હૃદયદ્રાવક દૃશ્યો જોવા મળ્યા હતા.

# રાજકોટમાં મેટોડા વિસ્તારમાં હિટ એન્ડ રનમાં માતા-બાળકનું મોત


(એ.આર.એલ),રાજકોટ ,તા.૧૭

રાજકોટમાં હિટ એન્ડ રનમાં માતા-બાળકનું મોત થયુ છે. જેમાં મેટોડા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. તેમાં અજાણ્યો વાહનચાલક માતા-પુત્રને અડફેટે લઈ ફરાર થયો હતો. અકસ્માતમાં માતા અને બાળકનું ઘટનાસ્થળે મોત થયુ છે. મેટોડા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટનામાં બાળકના મોત બાદ માતાએ પણ અંતિમ શ્વાસ લીધા હતા. અગાઉ રાજકોટમાં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. ટ્રક ચાલકે ટુ-વ્હીલરને ટક્કર મારતા એક વિદ્યાર્થિનીનું મોત થયું હતું જ્યારે ગંભીર રીતે ઘાયલ અન્ય યુવતીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. રાજકોટમાં હિટ એન્ડ રનની ઘટનામાં ટ્રક ચાલકે ટુ વ્હીલરને અડફેટે લીધું હતું. જેમાં હેત્વી મોરડીયા નામની યુવતીનું મોત નિપજ્યું હતું. જ્યારે જીનીતા નામની અન્ય યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. જો કે ટ્રક ચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો.

# અમદાવાદમાં એસએમસીનો સપાટો : વિદેશી દારૂની બોટલો ઝડપાઈ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં દારુની રેલમછેલ જોવા મળી રહી છે. શહેરમાં અન્ય રાજ્યમાંથી ઠલવાઈ રહેલો દારૂ ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય એજન્સીઓ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. ત્યારે ગત ૧૬મી મેના રોજ સરદાર પટેલ રિંગ રોડ પર આવેલ સનાથલ ટોલ-ટેક્સ પાસેથી SMCએ વિદેશી દારૂની ૯૬૫ બોટલો પકડી



હતી. જેની કિંમત ૧.૧૬ લાખ થાય છે, તે ઉપરાંત બે મોબાઈલ અને ૨૫૦૦ રૂપિયાની રોકડ અને વાહન સહિત કુલ ૬.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. SMCએ આ કેસમાં રાજસ્થાનના ડુંગરરામ જાટ અને સુરેશ જાટની ધરપકડ કરી હતી. જ્યારે પ્રવિણ જાટ સહિત અન્ય બે લોકોને વોન્ટેડ જાહેર કર્યા હતા. SMCને મળેલી બાતમીને આધારે રેડ પાડવામાં આવી હતી. જેમાં SMCએ શહેરમાં એસજી હાઈવે પર આવેલ છારોડી પાટીયા પાસેથી વિદેશી દારૂની ૧૯૧૦ બોટલો પકડી હતી. જેની કિંમત ૨.૪૦ લાખ થાય છે. SMCએ દારૂ સહિત એક વાહન પણ કબજે કર્યું હતું અને કુલ મુદ્દામાલ ૧૦ લાખનો જપ્ત કર્યો હતો. આ રેડમાં ટોયોટા ઈનોવામાં આવેલા ડ્રાઈવર સહિત ચાર લોકોને વોન્ટેડ જાહેર કર્યા છે.

# સુરત વરાછા પોલીસે ઝડપેલા ૧૧ વાહનો બળીને ખાખ થયા

સુરત,તા.૧૭

સુરતમાં વરાછા વિસ્તારમાં મોડીરાત્રે આગની ઘટના બની હતી. રાત્રે ફાયર કન્ટ્રોલ રૂમમાં આગનો કોલ મળ્યો હતો કે, વરાછામાં મિની બજાર એસએમસી મલ્ટિલેવલ પાર્કિંગના પાછળના ભાગમાં અચાનક આગ લાગી હતી. પોલીસ દ્વારા જપ્ત કરેલાં વાહનોમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. અચાનક આગ



ભભૂકી ઊઠતા જપ્ત કરેલાં વાહનો બળીને ખાખ થઈ ગયાં હતાં. જેમાં છ બાઈક, ત્રણ મોપેડ અને બે રિક્ષા મળી ૧૧ જેટલા વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

# ગીરગઢડાના મોટા સમઢિયાળામાં સ્વામીએ બાળકનું બ્રેઈનવોશ કર્યાનો પરિવારનો આક્ષેપ

ગીરગઢડા, તા.૧૭

ગીરગઢડાના વડલી ગામના એક ખેડૂતે મોટા સમઢિયાળાના ગુરુકુળમાં વિદ્યાર્થીઓનું બ્રેઈનવોશ કરતા હોવાનો ગંભીર આક્ષેપ મૂક્યો છે. ખેડૂતે પોતાના પુત્રને ગુરુકુળમાં ધો.૮માં અભ્યાસ માટે મુક્યો હતો.

પિતાનો આક્ષેપ છે કે ગુરુકુળમાં બ્રેઈનવોશને કારણે



તસવીર : કૈલાસ ભટ્ટ

પુત્રએ ઘરની માયા મૂકી દીધી હતી. કોઈ પ્રસંગમાં પણ માંડ આવતો હતો. પુત્ર હંમેશા ગુરુકુળ પાછા જવાની જ જીદ પકડતો હતો. તેને ના પાડવામાં આવે તો ઘરમાં ખાવા-પીવાનું બંધ કરી દેતો હતો અને એક રૂમમાં પુરાઈ જતો હતો. તે સતત સ્વામીજી સાથે ફોન પર વાત કરતો હતો.

પુત્રની વાતચીતનું રેકોર્ડિંગ સાંભળવા એક એપનો ઉપયોગ કર્યા પછી બધા સંવાદો મળતા ભાંડો ફૂટ્યો હતો.

# ધોરાજી સેશન્સ કોર્ટ દ્વારા દુષ્કર્મ કેસના આરોપીની આગોતરા જામીન અરજી રદ

ધોરાજી, તા.૧૭

ધોરાજીમાં દુષ્કર્મના આરોપીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા રદ કરવામાં આવી હતી. આ બાબતે ધોરાજીના સરકારી વકીલ કે.એમ. પારેખે જણાવ્યું હતું કે ધોરાજી તાલુકાના ભોગ બનનારની સામૂહિક દુષ્કર્મની ફરિયાદ પોલીસે નોંધી ન હતી. ત્યારબાદ ભોગ બનનાર ગુજરાત હાઈકોર્ટમાં જતા પોલીસ તરફથી ફરિયાદ નોંધવામાં આવેલી હતી. તે કેસમાં આરોપીઓ સગા નણંદ અને નણદોઈ છે. તેઓ ફરિયાદ રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં ગયેલા જયાં નણદોયા સામે મનાઈ હુકમ મળેલો નથી. આવા સંજોગોમાં નણદોયાએ ધોરાજીના એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ આગોતરા જામીન અરજી કરી હતી તે રદ કરવાનો હુકમ કાર્ટે કરેલ છે. ધોરાજી સેશન્સ કોર્ટે બન્ને પક્ષકારોની રજૂઆતોને ધ્યાને લીધા બાદ આરોપીની આગોતરા જામીન અરજીને રદ કરી હતી. આ કામે સરકાર પક્ષે એપીપી કે.એમ. પારેખ રોકાયા હતાં.

# ધોરાજીના પાણીપ્રશ્ને સરકાર એક્શન મોડમાં, પાલિકા દ્વારા પાણી વિતરણ માટે નવી વ્યવસ્થા

**પાલિકા દ્વારા નવા પમ્પિંગ સ્ટેશન, હેડ વર્ક્સ, ફિલ્ટર પ્લાન્ટ સહિત કામ હાથ ધરાશે**

ધોરાજી, તા.૧૭

ધોરાજીમાં પીવાના પાણીની સમસ્યાનો ઝડપથી ઉકેલ આવે તેવી શક્યતા છે. વર્ષોથી ધોરાજીમાં ચારથી પાંચ દિવસે પાણી મળતાં હાલાકી ભોગવી રહેલા લોકોને રાહત મળે તેમ છે. પાણીની સમસ્યા મુદ્દે અખબારમાં અહેવાલો પ્રસિધ્ધ થતાં સરકાર એક્શન મોડમાં આવી છે અને ધોરાજીની પાણી વિતરણ વ્યવસ્થા સુચારુ કરવા પ્રાદેશિક કમિશનર કચેરીમાંથી અધિક કલેક્ટર ઈલાબેન ચોહાણ ધોરાજી દોડી આવ્યા હતા. આ ઉપરાંત પાલિકા ખાતે ચીફ ઑફિસર જયમલ મોઢવાડીયા, વોટર વર્ક્સના યાસીનભાઈ કાંગડા સાથે મિટિંગ યોજી હતી. પાણી વિતરણ વ્યવસ્થા નવેસરથી દુરસ્ત કરવા ટેકસ વિભાગમાંથી અધિકારી ભાવેશ ભટ્ટને વિશેષ ચાર્જ આપ્યો હતો. ચીફ ઑફિસર જયમલ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ધોરાજીમાં પાણી વિતરણ વ્યવસ્થા હેઠળ અમૃત યોજના અન્વયે ધોરાજી શહેરને ફોફળ ડેમથી પાણીનો પૂરતો જથ્થો પુરા ફોર્સથી મળે તે માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન ગાંધીનગર દ્વારા ગત જાન્યુઆરીમાં ૪૨.૬૭ કરોડની તાંત્રિક મંજૂરી આપવામાં આવેલી હતી. જેમાં ફોફળ ડેમથી ધોરાજી હેડ વર્ક્સ સુધી પાણીની નવી લાઈન નાખવામાં આવશે. બીજી તરફ નલ સે જલ પ્રોજેક્ટ અંતર્ગત ૩.૯ કરોડના કામો હાલ ચાલી રહ્યા છે જેમાં ભૂખી હેડ વર્ક્સમાં ૨૦ લાખ લીટરની નવી ઈએસ આર, નવું પંપીંગ સ્ટેશન, બગીચા હેડ વર્ક્સમાં દસ લાખ લીટરની નવી જીએસઆર, જમનાવલ રોડ વિસ્તાર માટે પાણી વિતરણ માટેની નવી લાઈનોના કામ ચાલી રહ્યાં છે. આમ હાલ ધોરાજીમાં પાણી વિતરણના ધાંધિયાને લીધે પ્રજાને જે મુશ્કેલી વેઠવી પડી રહી છે તેને ધ્યાનમાં રાખતા સરકાર એક્શન મોડમાં આવી છે અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ તેમજ ધોરાજી નગરપાલિકા બંનેના પ્રયાસો હેઠળ ધોરાજી શહેરને પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં અને વહેલાસર પુરા ફોર્સથી મળી રહે તે માટે વ્યવસ્થાઓ થઈ રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.


### આડત્રીસ લાખનાં ખર્ચે ફિલ્ટર પ્લાન્ટનું રિનોવેશન થશે

ધોરાજી નગરપાલિકા દ્વારા ૧૫મા નાણાપંચ યોજના હેઠળ પાણીની વ્યવસ્થા માટે જે કામો હાથમાં લેવાયા છે તેમાં હિરપરા વાડી અને નવા ડેવલપ થતા એરિયામાં વિતરણ વ્યવસ્થા માટે ૧.૮૭ કરોડમાં નવી ૩.૮,૦૦,૦૦૦ લિટરની esr અને વાલ્વની ચેમ્બરોની કામગીરી હાથ ધરાઈ છે. પંપીંગ અને જોડાણ કામગીરી માટે ૩૪ લાખના ખર્ચે ભૂખીથી નવા પંપીંગ સ્ટેશન સુધી તેમજ માથુકિયા વાડી હેન્ડ વર્ક માટે ૩૦ લાખનાં ખર્ચે કનેક્શન અને મશીનરીઓ માટે ઓનલાઈન ટેન્ડરો થઈ ચૂક્યા છે. ધોરાજીના લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે આડત્રીસ લાખના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટનાં રિનોવેશનનું આયોજન હાથ ધરાયું છે જેની વહીવટી મંજૂરી માટે પ્રાદેશિક કચેરી ખાતે વહીવટી પ્રક્રિયાઓ મંજૂરી અર્થે મોકલી આપવામાં આવી છે.

# જસદણના કમળાપુર ખાતે સાકરીયા પરિવારના કુળદેવીના માંડવાનું આયોજન

જસદણ, તા.૧૭

જસદણ તાલુકાના કમળાપુર ગામે સાકરીયા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના માંડવાનું તા.૧૯ ને રવિવારે આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન કમળાપુર ગામે આવેલ પ્લોટમાં ઝુપડીવાડી સામે કમળાપુર-જસદણ રોડ પર રાખવામાં આવ્યું છે.



માતાજીના માંડવામાં તા.૧૯ ને રવિવારે સવારે ૭-૩૦ કલાકે થાંભલી રોપવાનું મુહૂર્ત, સવારે ૯-૩૦ કલાકે માતાજીના સામૈયા, સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી અને રાત્રે ૮થી સવારે ૫ વાગ્યા સુધી ડાક-ડમરૂ, સાંજે ૫ થી ૭ કલાક સુધી રાસ-ગરબા, બપોરે ૧૧ કલાકે મહાપ્રસાદ, સાંજે ૬ કલાકે મહાપ્રસાદ અને તા.૨૦ ને સોમવારે સવારે ૫ કલાકે થાંભલી વધાવવાનું મુહૂર્ત સહિતના ત્રિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.

**રેસ્ક્યુ કામગીરી દરમિયાન સિંહ, સિંહણ બાઉન્ડ્રી વોલ ઠેકીને ખેતરમાં જતાં રહ્યાં પણ બચ્ચા રહી ગયા**

# કોડીનાર સિમેન્ટ કંપનીની કોલોનીમાં સિંહ પરિવાર આવી ચડતા લોકો ભયભીત

કોડીનાર તા.૧૭

ગીર સોમનાથના કોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રેસિડેન્સીયલ કોલોનીમાં ગુરુવારે વહેલી સવારે સિંહ અને સિંહણ પોતાના ૩ બચ્ચા સાથે ચડી આવ્યા હતા. કોલોનીના સિક્યુરિટી ગાર્ડને આ ઘટના ધ્યાને આવતા તંત્રને જાણ કરતા વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ હતી. ૬ કલાકની સખત જહેમત બાદ ૨ સિંહ બાળને પાંજરે પૂર્યા હતા જયારે ૧ સિંહ બાળની શોધખોળ ચાલું છે, જે મળ્યા બાદ ત્રણેય સિંહ બાળને તેમના પરિવાર (ગ્રુપ) સાથે મિલન કરાવાશે. વનતંત્ર દ્વારા સિંહને સલામત રીતે ખસેડવા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે આ સમગ્ર રેસક્યુ દરમિયાન સિંહ અને સિંહણ મંદિરની દિવાલ ટપી પાછળ ખેતરમાં જતા રહ્યા હતા અને ત્રણેય સિંહ બાળ કોલોનીમાં ઘૂસી જતા વનવિભાગ દ્વારા છ કલાકની સતત જહેમત બાદ બે સિંહ બાળને નોર્થ કોલોનીમાંથી સલામત રીતે પાંજરે પૂરી અને અન્ય એક સિંહ બાળનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# ઉનાના સનખડા કન્યા શાળામાં બે દિવસીય સમર કેમ્પ યોજાયો

ઉના, તા.૧૭

ઉનાના સનખડા કન્યા શાળામાં વેકેશનમાં બે દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આનંદ માણ્યો હતો.

આ કેમ્પનો મુખ્ય હેતુ એ



હતો કે વેકેશનમાં અભ્યાસની સાથે બાળકોમાં છુપાયેલી શક્તિ બહાર આવે એવું સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શિક્ષકોએ તમામ ચીજવસ્તુઓ જાતે બનાવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રવૃત્તિમાં ખાસ કરીને યોગા, મેડીટેશન, યોગ, ઝુમ્બા, સ્ટેન્ડિંગ જમ્પ, ફુગ્ગાફોડ જેવી અલગ અલગ રમત-ગમતની પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓથી બાળકોના માઈન્ડ વિકસિત થાય તે માટે આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર શહેરમાં આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસની કરાઈ ઉજવણી

કોડીનાર, તા.૧૭

કોડીનાર તાલુકા કાનૂની સેવા સમિતિ, ત્રિનેત્ર ફાઉન્ડેશન, નોબલ હેન્ડ ફાઉન્ડેશન કોડીનારના સંયુકત ઉપક્રમે કોડીનારમાં આવેલા ગાયત્રી કોમ્પ્યુટર ક્લાસિસમાં આવેલા તાલીમાર્થીઓને ૧૬મી મેના દિવસે પ્રકાશનું મહત્વ અને ઉપયોગિતા વિશે પ્રકાશ અને પ્રકાશ આધારિત તકનીકો દરેક વ્યક્તિના રોજિંદા જીવનને કેવી રીતે સ્પર્શે છે તેમજ યુવા લોકો માટે વિજ્ઞાન


તસવીર : ધર્મેશ પાઠક

પર લક્ષિત પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વવ્યાપી શૈક્ષણિક ક્ષમતાનું નિર્માણ કરો, લિંગ સંતુલનના મુદ્દાઓને સંબોધિત કરો તેમજ તાલીમાર્થીને અભ્યાસક્રમને અનુલક્ષીને લોક અદાલત અને તેની રચના અને કાર્યોની ઝાંખી વિશે સમજાવ્યુ હતું.

# કોડીનાર એસટી કર્મચારીઓ માટે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

કોડીનાર, તા.૧૭

ગીર સોમનાથ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ગીર સોમનાથની સૂચનાથી કોડીનાર એસટી ડેપો ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની આરોગ્યની તપાસણી માટે ડૉ. એમ.આર. પઢિયાર, તાલુકા હેલ્થ ઓફિસર કોડીનાર તથા આર.કે. મગરા ડેપો મેનેજર કોડીનારના માર્ગદર્શન હેઠળ એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો કે.જે. ઓઝા ડૉ. બી.એલ. કામળીયા જનરલ મેડીસિન ડૉ. માયાબેન ડાંગર ડેન્ટિસ્ટે પોતાની સેવાઓ આપી હતી. કેમ્પમાં એચઆઈવી તથા ડાયાબિટીસ માટે લોહીના રિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એનસીડી આઈસીટીસી તથા ટીબી વિભાગ દ્વારા વિવિધ રોગોને લગતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરનાથ યાત્રાની શરૂઆત પૂર્વે

# અમિત શાહ કાશ્મીરની મુલાકાતે, અમરનાથ યાત્રાની તૈયારીઓ-સુરક્ષાની કરશે સમીક્ષા

(એ.આર.એલ),શ્રીનગર ,તા.૧૭




કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ કાશ્મીરની મુલાકાતે છે. ગુરુવારે કાશ્મીરની જમીની સ્થિતિનો તાગ મેળવવા શ્રીનગર પહોંચેલા અમિત શાહ વિવિધ જાહેર પ્રતિનિધિમંડળોને મળ્યા હતા. શુક્રવારે, તેઓ બે અલગ-અલગ બેઠકોમાં શ્રી અમરનાથ વાર્ષિક યાત્રાની તૈયારીઓ અને કાશ્મીરના સુરક્ષા પરિદૃશ્યની સમીક્ષા કરશે. આ સાથે તેઓ ભાજપના કાર્યકરો સાથે પણ મુલાકાત કરશે.

આ સિવાય તેમની જમ્મુ-કાશ્મીર અપની પાર્ટીના અધ્યક્ષ સૈયદ મોહમ્મદ અલ્તાફ બુખારી સાથે પણ મુલાકાત થવાની સંભાવના છે. સાંજે લગભગ ૬ વાગે સ્પેશિયલ ફ્લાઈટમાં શ્રીનગર પહોંચેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે દલ તળાવના કિનારે આવેલી હેરિટેજ હોટલમાં સ્થાનિક ભાજપના નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક કરી હતી. બેઠકમાં, તેમણે કાશ્મીરના વર્તમાન રાજકીય પરિદૃશ્યમાં ભાજપની ગતિવિધિઓનું મૂલ્યાંકન કર્યું અને બારામુલ્લા અને અનંતનાગ સંસદીય ક્ષેત્રોમાં મતદાનના સંદર્ભમાં પણ ચર્ચા કરી. તમને જણાવી દઈએ કે ભાજપે કાશ્મીરમાં લોકસભા ચૂંટણીમાં કોઈ ઉમેદવાર ઉતાર્યા નથી.

# દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ચૂંટણી પછી ભાજપમાં જોડાઈ શકે છે: સુખબીર સિંહ બાદલ

પંજાબમાં ૧૩ બેઠકો માટે એક તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭



લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ચાર તબક્કાની ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે. તે જ સમયે, તમામ પક્ષો આગામી ૩ તબક્કાના પ્રચારમાં તેમના પ્રયત્નો કરી રહ્યા છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું છે પરંતુ પંજાબમાં બંને પક્ષો અલગ-અલગ ચૂંટણી લડી રહ્યા છે. આ સિવાય ભારતીય જનતા પાર્ટી અને શિરોમણી અકાલી દળ જે લાંબા સમયથી સાથે હતા તેઓ પણ અલગ-અલગ ચૂંટણી લડી રહ્યા છે.

આવા સમયે પંજાબની રાજકીય પાર્ટી શિરોમણિ અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલે ચોંકાવનારો દાવો કર્યો છે. શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલે ચૂંટણી પ્રચાર દરમિયાન પત્રકારો સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે દાવો કર્યો હતો કે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ટૂંક સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે (અથવા તેની સાથે જઈ શકે છે). તેમણે કહ્યું કે હવે પ્રચાર ટીમ એક દિવસ પણ રહી નથી. સુખબીરે વધુમાં કહ્યું કે તેઓ ચૂંટણી પછી ગમે ત્યારે ભાજપમાં જોડાઈ શકે છે. બીજી તરફ, પંજાબ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમરિન્દર સિંહ રાજા વાડિંગે ગુરુવારે લોકોને ચેતવણી આપી હતી કે આમ આદમી પાર્ટી અને શિરોમણી અકાલી દળની તરફેણમાં મતદાન કરવાનો અર્થ ભ્રષ્ટાચારને સમર્થન આપવું.


# ભારતીયો માટે ઓસ્ટ્રેલિયા દ્વારા ખાસ વિઝા યોજના શરૂ કરવામાં આવી

**ઓસ્ટ્રેલિયા ૧ નવેમ્બર ૨૦૨૪થી એક નવી યોજના શરૂ કરવાનું છે જેને મોબિલિટી એરેન્જમેન્ટ ફોર ટેલેન્ટેડ એર્લી પ્રોફેશનલ્સ નામ આપવામાં આવ્યું**

(એ.આર.એલ),ઓસ્ટ્રેલિયા ,તા.૧૭

ઓસ્ટ્રેલિયા દ્વારા તેના વાર્ષિક બજેટમાં હવે ભારતીયો માટે અનેક પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં કરવામાં આવેલી સમજૂતી મુજબ હવે ભારતીયો માટે હોલિડે વિઝા શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત ભારતીયો માટે ઓસ્ટ્રેલિયાએ ખાસ વિઝા યોજના શરૂ કરી છે. જે હેઠળ ૩,૦૦૦ ભારતીય ગ્રેજ્યુએટ યુવાનો કે જેઓ તેમની કરિયર શરૂ કરવા માંગે છે તેમને ઓસ્ટ્રેલિયામાં રહેવા અને કામ કરવા માટેના વિઝા આપવામાં આવશે. ઓસ્ટ્રેલિયા ૧ નવેમ્બર ૨૦૨૪થી એક નવી યોજના શરૂ કરવાનું છે જેને મોબિલિટી એરેન્જમેન્ટ ફોર ટેલેન્ટેડ એર્લી પ્રોફેશનલ્સ નામ આપવામાં આવ્યું છે. મેટ્સ ઓસ્ટ્રેલિયામાં દોસ્તો માટે વપરાતો શબ્દ છે. આ યોજના હેઠળ ૩,૦૦૦ યુવાનોને ઓસ્ટ્રેલિયામાં રહેવાના અને કામ કરવા માટે બે વર્ષના વિઝા




અપાશે. ૧૮થી ૩૦ વર્ષની વયના યુવકો આવા વિઝા મેળવવાને પાત્ર ઠરશે. તેઓ ખાસ વિષયોમાં શિક્ષણ તેમજ કૌશલ્ય વિકાસ અને વ્યવસાયને લગતો અનુભવ મેળવવા ઓસ્ટ્રેલિયામાં રહી શકશે. તેમના માટે વિઝા ફી ૩૯૦ ડોલર એટલે કે રૂ. ૨૨,૦૦૦ રાખવામાં આવી છે. જેમાં ૨૫ ડૉલર પ્રી એપ્લિકેશન ફી રહેશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દોસ્તી અને સ્કિલ્સની પ્રતિભાઓ વિકસાવવા કરાર કરાયા હતા. આ કરાર પછી કેન્દ્રનાં વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે, ૮ વર્ષમાં મોદી સરકારે કરેલો આ મોટો કરાર છે જેમાં પાંચ વર્ષમાં ઓસ્ટ્રેલિયા સાથેનો વેપાર ૨૭.૫ અબજ ડોલર એટલે કે ૨૦ અબજ રૂપિયાથી વધારીને ૪૫થી ૫૦ અબજ ડોલર કરવાનો છે. ઓસ્ટ્રેલિયાએ ૧૯૭૫માં ભારતના ૧૮થી ૩૦ વર્ષના યુવાનો માટે હંગામી ધોરણે ઓસ્ટ્રેલિયામાં રહેવાના અને અભ્યાસ કરવાના વિઝા આપવામાં આવતા હતા. આ વિઝા અભ્યાસ પૂરો થયો પછી ઓસ્ટ્રેલિયામાં ફરવાનો અને નાના મોટા કામ કરવાનો અધિકાર આપતા હતા. આ વિઝા ઓસ્ટ્રેલિયા માટે દૂઝણી ગાય સમાન હતા. તેને વિઝા ફીની આવક થતી હતી અને યુવાન શ્રમિકોની અછત દૂર થતી હતી. તેને પ્રવાસીઓ મળવાની સાથે ખેતી તેમજ ઉદ્યોગોમાં કામ કરનાર કર્મચારીઓ મળવા લાગ્યા હતા. ઓસ્ટ્રેલિયા હવે ભારતનાં ૧,૦૦૦ યુવાનોને બેકપેકર્સ વિઝા આપવા સંમતિ દર્શાવી છે. જેની બજેટમાં જાહેરાત કરાઈ છે. આ વિઝા લોટરીને આધારે આપવામાં આવશે. ભારતનાં વેપારીઓ માટે વિઝાની મુદત ૩ વર્ષથી વધારીને ૫ વર્ષની કરાઈ છે. ઓસ્ટ્રેલિયા દર વર્ષે ત્યાં રહેવા માટે સ્થાયી વિઝા આપે છે જેની સંખ્યા વધારીને ૧,૮૫,૦૦૦ કરાઈ છે. જેમાં ૧,૩૨,૦૦૦ વિઝા કુશળ કામદારોને અપાશે. આવા વિઝા મેળવનારમાં ભારતીયોની સંખ્યા વધારે છે.

# ભારતમાં હાઈ બીપીના ૧.૮૮ કરોડ દર્દી, જેમાં ૫૦ ટકા દર્દીઓને કિડનીનું જોખમ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

હાઈ બ્લડ પ્રેશર (બીપી) કે હાઈપરટેન્શનના લગભગ ૫૦ ટકા લોકોને લાંબા ગાળે કિડની પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા છે. તેમને ડાયાલિસિસ કે કિડની ટ્રાન્સપ્લાન્ટની પણ જરૂર પડી શકે એવી ચેતવણી નિષ્ણાતોએ 'વર્લ્ડ હાઈપરટેન્શન ડે' પહેલાં ગુરુવારે આપી હતી. 'વર્લ્ડ હાઈપરટેન્શન ડે' દર વર્ષે ૧૭ મેના રોજ ઉજવાય છે. તેનો હેતુ 'સાઈલેન્ટ કિલર' તરીકે જાણીતા હાઈ બીપી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. ભારતમાં હાઈ બીપીના ૧.૮૮ કરોડ દર્દી છે.



લીલાવતી હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ એલ.એચ. સુરતકાલે જણાવ્યું હતું કે, 'હાયપરટેન્શનને નિયંત્રિત કરવામાં ન આવે તો કિડનીની આસપાસની નળીઓ સાંકડી બને છે કે નબળી પડે છે. તેને લીધે રક્તને શુદ્ધ કરવાની અને શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ્સના નિયમનની કિડનીની પ્રક્રિયા ખોરવાય છે. હાયપરટેન્શન કિડનીમાં લોહીની નળીઓ અને ફિલ્ટર્સને નુકસાન પહોંચાડે છે. શરીરનો કચરો બહાર કાઢવા માટે કાર્યક્ષમ કિડની જરૂરી છે.' તેમણે કહ્યું હતું કે, 'હાઈ બીપીની સારવાર કરવામાં ન આવે તો કિડની ફેલ્યોરની શક્યતા વધે છે અને મૃત્યુનું જોખમ પણ ઊભું થાય છે. હાઈ બીપીના ૩૦ ટકા દર્દીને લાંબા ગાળે કિડનીનું નુકસાન થાય છે અને ડાયાલિસીસ કે ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે.'

રાજસ્થાનમાં એક સભા દરમિયાન શંકરાચાર્યનું મોટુ નિવેદન

# દરેક ક્ષણે ષડયંત્ર થતા હોય ત્યાં અનુમાન લગાડવું ખુબ જ મુશ્કેલ

રાજસ્થાન,તા.૧૭

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે સાત તબક્કામાંથી હવે ત્રણ તબક્કાનું મતદાન જ બાકી રહ્યું છે. ચાર તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. ત્યારે પાંચમા તબક્કાના મતદાન માટે રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવી દીધું છે. ભાજપ વધુને વધુ બેઠકો જીતવા માટે પ્રચંડ પ્રચાર કરી રહી છે. જેની કમાન ખુદ મોદીએ સંભાળી છે. ત્યારે હવે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ



વડાપ્રધાન મોદીના દાવા પર પ્રતિક્રિયા આપી છે. જગદગુરુ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી રાજસ્થાનમાં એક જાહેર સભાને સંબોધિત કરવા આવ્યા હતા. આ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો છે કે ભારતીય જનતા પાર્ટી લોકસભા ચૂંટણીમાં ૩૭૦ બેઠકો જીતીને સરકાર બનાવશે. આનો જવાબ આપતા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે 'કોઈ વસ્તુનો અંદાજ ગણિત અને સંભાવનાઓના આધારે લગાવવામાં આવે છે, પરંતુ એવી જગ્યાએ જ્યાં દરેક ક્ષણે કોઈ ષડયંત્ર રચવામાં આવે છે ત્યાં અંદાજ લગાવી શકાતો નથી.'

વર્ષના અંત સુધીમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે

# ભારત-રશિયા પ્રવાસન પ્રવાહમાં વધારો કરવા વિઝા મુક્ત પ્રવાસ માટે ચર્ચા કરશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

ભારત અને રશિયા એક ઐતિહાસિક સંવાદ શરૂ કરવા તૈયાર છે જે પ્રવાસન પ્રવાહમાં નોંધપાત્ર વધારો કરવાના હેતુથી બંને દેશો વચ્ચે વિઝા-મુક્ત પ્રવાસી વિનિમય તરફ દોરી શકે છે. સ્પુટનિકે અહેવાલ આપ્યો છે કે ચર્ચાનો પ્રથમ રાઉન્ડ જૂનમાં સુનિશ્ચિત થયેલ છે, જે દરમિયાન દેશો દ્વિપક્ષીય કરારની સંભવિતતાની શોધ કરશે, જેને



વર્ષના અંત સુધીમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. રશિયાના આર્થિક વિકાસ મંત્રાલયના બહુપક્ષીય આર્થિક સહકાર અને વિશેષ પ્રોજેક્ટ્સના વિભાગના નિયામક નિકિતા કોન્દ્રાત્યેવે રશિયા-ઈસ્લામિક વર્લ્ડ કાઝનફોરમ ૨૦૨૪ ખાતે આગામી વાટાઘાટો વિશે વિગતો શેર કરી. કઝાન, રશિયામાં આયોજિત આ કાર્યક્રમ, જૂથ વિઝા-મુક્ત મુલાકાતો પર વાટાઘાટોમાં પ્રગતિને પ્રકાશિત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી, "અમે ભારતીય પ્રતિનિધિમંડળ સાથે આંતરિક સંકલનના અંતિમ તબક્કાની નજીક છીએ અને ટૂંક સમયમાં ચર્ચા કરીશું"

# દિલ્હીના મુખ્યમંત્રીના પી.એ. સામે આપની મહિલા સાંસદે પોલીસ ફરિયાદ નોંધાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૭

દિલ્હી પોલીસે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવ કુમાર દ્વારા કથિત હુમલાના સંદર્ભમાં આપ રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલનું નિવેદન ગુરુવારે નોંધ્યું હતું અને મોડીરાત્રે એફઆઈઆર દાખલ કરી હતી. બીજી બાજુ રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ) એ આ હુમલા મામલે બિભવ કુમારને સમન્સ મોકલ્યું છે અને શુક્રવારે ૧૧ કલાકે તેની સમક્ષ હાજર થવા ફરમાન કર્યું છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ માલિવાલને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે આ મામલે તેમની પડખે છું. જોકે આ આપનો આંતરિક મામલો છે. દિલ્હી પોલીસના બે સભ્યોની ટીમ મધ્ય દિલ્હીમાં માલિવાલના ઘરે આવી હતી અને તેમનું નિવેદન લીધું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે માલિવાલે મુખ્યમંત્રીના ઘરે તેમના પીએમ દ્વારા કરાયેલા વર્તન અંગે જાણ કરી હતી. તેમને મોડી સાંજે કેસ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા છે. અગાઉ દિવસમાં માલિવાલ અંગે



પૂછાયેલા સવાલનો જવાબ આપવાનું કેજરીવાલે ટાળ્યું હતું અને માઈક સંજય સિંહને આપી દીધું હતું. ઉલ્લેખનીય છે કે ૧૩ મેના રોજ સોમવારે નોર્થ દિલ્હીમાં કેજરીવાલના ઘરે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

# ઘાટકોપરમાં થયેલ હોર્ડિંગ-દુર્ઘટનાનો મુખ્ય આરોપી ભાવેશ ભિંડે ઉદયપુરથી ઝડપાયો

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૭

આખા મુંબઈને હચમચાવી નાખનાર ઘાટકોપર હોર્ડિંગ-દુર્ઘટનાનો મુખ્ય આરોપી ભાવેશ ભિંડે સોમવારે અકસ્માત પછી ઘર બંધ કરીને પલાયન થઈ ગયો હતો. ત્યાર બાદ તેની શોધ માટે મુંબઈ પોલીસે અલગ-અલગ ૧૦ ટીમ બનાવી હતી. ભાવેશ વારંવાર લોકેશન બદલતો હોવાથી પોલીસ તેના સુધી પહોંચી શકી નહોતી. જોકે ગઈ કાલે વહેલી સવારે ક્રાઈમ બ્રાન્ચની



ટેક્નિકલ ટીમને ભાવેશ વિશે ચોક્કસ માહિતી પ્રાપ્ત થતાં ટીમે ઉદયપુર જઈને તેને પકડી પાડ્યો હતો. ભાવેશની કંપની ઈગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડે ઘાટકોપરના છેડાનગર નજીક પેટ્રોલ પમ્પ પાસે ૧૨૦-૧૨૦ ફીટનું વિશાળ હોર્ડિંગ ગેરકાયદે ઊભું કર્યું હતું.

# આંગળીને બદલે જીભનું ઓપરેશન કરી નાખ્યું : કેરળની હોસ્પિટલની બેદરકારી

કેરળ,તા.૧૭

કેરળની કોઝિકોડ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં બેદરકારીની વધુ એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ચાર વર્ષની બાળકી ગંભીર તબીબી બેદરકારીનો શિકાર બની હતી. બાળકીના પરિવારજનોના જણાવ્યા અનુસાર તેના એક હાથમાં છ આંગળીઓ હતી. પરિવારના સભ્યો તેની વધારાની આંગળી કઢાવવા માટે હોસ્પિટલ લઈ ગયા હતા.




મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છોકરીના એક સંબંધીએ જણાવ્યું હતું કે અમને કહેવામાં આવ્યું હતું કે છોકરીની છમાંથી વધારાની એક આંગળી નાની સર્જરી દ્વારા દૂર કરી દેવાશે. આ વાતને લઈને અમે સૌ સંમત હતા. દવાખાનામાં થોડા સમય પછી, જ્યારે છોકરીને પાછી લાવવામાં આવી તો તેને જોઈને સૌ કોઈ ચોંકી ગયા હતા. છોકરીના મોં પર પાટાપિંડી કરેલી હતી. અમને ખબર જ ના પડી કે શું થઈ ગયું છે. જ્યારે અમે તેના હાથ તરફ જોયું તો જણાયું કે છઠ્ઠી આંગળી તો હજુ જેમની તેમ જ હતી. બાળકીના વાલીએ જણાવ્યું કે જ્યારે અમે આ બાબતે નર્સને જાણ કરી તો તે સાંભળીને હસવા લાગી. તેણે કહ્યું કે અમને કહેવામાં આવ્યું હતું કે તેની જીભમાં પણ સમસ્યા હતી, જે અમે તેને ઠીક કરી દીધી છે.

# પશ્ચિમ બંગાળમાં ટીએમસી નેતાઓના વિવિધ સ્થળે સીબીઆઈના દરોડા




(એ.આર.એલ),પશ્ચિમબંગાળ,તા.૧૭

મેદિનીપુર સીબીઆઈએ આજે બંગાળમાં ટીએમસીના બે નેતાઓના ઠેકાણાઓ પર દરોડા પાડયા હતા. આ દરોડા ૨૦૨૧માં ચૂંટણી બાદ થયેલી હિંસાના મામલે પાડવામાં આવ્યા હતા. આ દરોડા પૂર્વી મેદનીપુર જિલ્લાના કાઠી વિસ્તારમાં પાડવામાં આવ્યા હતા. ૨૦૨૧માં ચૂંટણી બાદની હિંસામાં ભાજપના એક કાર્યકર્તાનું મોત થયું હતું. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સીબીઆઈ ઓફિસરોની એક ટીમે કાઠી બ્લોક નં.૩માં ટીએમસી નેતા દેવવ્રત પાંડાના ઘેર અને બીજા બ્લોકમાં ટીએમસી નેતા નંદદુલાલ મૈતીના ઘેર દરોડા પાડયા હતા. સીબીઆઈએ જણાવ્યું હતું કે, સમન્સ મોકલવા છતાં આરોપીઓ હાજર થતા નહોતા એટલે દરોડા પાડવામાં આવ્યા. આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે. સીબીઆઈએ જણાવ્યું હતું કે ૨૦૨૧માં પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ બંગાળમાં હિંસાની ઘટના બની હતી.

# અમિત શાહ કેસ મામલે રાહુલ ગાંધીને ૧૦૦૦નો દંડ ફટકારતી ઝારખંડ હાઈકોર્ટ

(એ.આર.એલ),ઝારખંડ,તા.૧૭

ઝારખંડ હાઈકોર્ટે રાહુલ ગાંધીને એક હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. હાઈકોર્ટે એક કેસની ચાલી રહેલી સુનાવણીમાં જવાબ દાખલ કરવામાં વિલંબ બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અમિત શાહ સંબંધિત કેસમાં તેમની સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. ચાઈબાસાની સાંસદ-ધારાસભ્ય કોર્ટે ભાજપના તત્કાલિન રાષ્ટ્રીય અધ્યક્ષ વિરુદ્ધ રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી કથિત અપમાનજનક ટિપ્પણી સંબંધિત



કેસની નોંધ લીધી હતી, જેને રદ કરવા તેમણે ઝારખંડ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. ગયા મહિને આ અરજી પર સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાહત આપી હતી અને ચાઈબાસા કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી પર રોક લગાવી દીધી હતી. ૨૦૧૮માં ભાજપના તત્કાલિન રાષ્ટ્રીય અધ્યક્ષ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી.

# લખનઉએ મુંબઈને જીતવા માટે ૨૧૫ રનનો ટાર્ગેટ આપ્યો

મુંબઈ, તા.૧૭

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૪ની ૬૭મી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૧૫ રનનો ટાર્ગેટ આપ્યો છે. હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. લખનઉએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૧૪ રન બનાવ્યા હતા. LSG તરફથી નિકોલસ પૂરને ૨૯ બોલમાં ૭૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં



૫ ચોગ્ગા અને ૮ છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે કેએલ રાહુલે ૫૫ રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી પિયૂષ ચાવલા અને નુવાન તુષારાએ ૩-૩ વિકેટ ઝડપી હતી. MI ટીમે પોતાની પ્લેઈંગ-૧૧માં ત્રણ ફેરફાર કર્યા છે. જસપ્રીત બુમરાહને આરામ આપ્યો છે. તેની જગ્યાએ અર્જુન તેંડુલકરને લીધો છે.

# બે મુસ્લિમ દેશો પર હુમલા કર્યા બાદ હવે ઈઝરાયેલની નજર તુર્કી પર

(એ.આર.એલ),યુરોપ ,તા.૧૭

યુરેશિયાના મુસ્લિમ બહુમતીવાળા દેશ તુર્કીના રેસેપ તૈયપ એર્દોગને ઈઝરાયલના ભય અંગે દેશની સંસદમાં જણાવ્યું હતું. ગઈકાલે (બુધવારે) સંસદને કરેલાં સંબોધનમાં કહ્યું હતુ કે ઈઝરાયલની નજર હવે તુર્કી ઉપર છે. જો ઈઝરાયલને રોકવામાં નહીં આવે તો, તેનું હવે પછીનું નિશાન તુર્કી હશે. જો કે હમાસ ઈઝરાયલ સાથે પૂરા ઝનૂનથી લડી રહ્યું છે. તેથી તુર્કી બચી શક્યું છે. ૭ ઓક્ટોબરના દિવસે હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યા પછી ઈઝરાયલ અત્યારે તો ત્યાં નરસંહાર કરી રહ્યું છે, ગાઝામાં મોત



વરસાવી રહ્યું છે તેમ તેઓએ તુર્કીની સંસદમાં કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે હમાસ ગાઝામાં એનેતોલિયા (તુર્કી)ની અગ્રીમ પંક્તિની રક્ષા કરી રહ્યું છે. તે સર્વવિદિત છે કે તુર્કી યુરોપ અને એશિયા તેમ બંને ખંડોમાં પ્રસરેલું છે. તેના એશિયાઈ ભાગને એનેતોલિયા કહેવામાં આવે છે, જ્યારે યુરોપીય પ્રદેશને થ્રેસ કહેવામાં આવે છે. તુર્કી નાટોનું સભ્ય પણ છે. એર્દોગાને કહ્યું કે ગાઝા, પેલેસ્ટાઈન, લેબેનોન, ઈરાન જેવા દેશો સાથે સંઘર્ષ બાદ હવે ઈઝરાયલની નજર અમારા દેશ તુર્કી પર છે.

# અમરેલી જિલ્લામાં ખેતી પાકનો સોથ વાળતો કમોસમી વરસાદ



તસવીર : જય મહેતા



## ધારી- બગસરા પંથકમાં મીની વાવાઝોડું, કેરીના પાકને નુકસાન

અમરેલી,તા.૧૮

રાજ્યમાં કમોસમી વરસાદ પડવાની આગાહી ગઈકાલે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી, ત્યારે આજે રાજ્યના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો છે. અમરેલી જિલ્લાના અમરેલી, લાઠી, બગસરા સહિતના વિસ્તારોમાં માવઠું થતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કેરી, તલ, બાજરી અને શાકભાજીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગે રાજ્યમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી હતી. ત્યારે આજે રાજ્યના વિવિધ વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો છે. ધારી, અમરેલી, બગસરા, ચલાલા, લાઠી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. કમોસમી વરસાદ થતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અમરેલીમાં બપોરે કાળઝાળ ગરમી અને લૂને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. અચાનક જ સાંજના સમયે વાદળછાયા વાતાવરણ બાદ ધોધમાર વરસાદ પડયો હતો તો લાઠીના મતીરાળા ગામે પણ બપોરે જોરદાર વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. બગસરામાં પણ વરસાદ વરસ્યો હોવાના વાવડ મળ્યા હતા. હામાપુર ગામમાં ભારે પવન સાથે વરસાદ વરસતા પતરા અને નળિયા ઉડયા હતા. તો બાબરાના કોટડાપીઠા ગામે પણ વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાયા હતા. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં છેલ્લાં પાંચ દિવસથી કમોસમી વરસાદ પડતા જગતનો તાત ચિંતામાં મુકાઈ ગયો છે. વિધિવત ચોમાસાને હજુ એક મહિનાની વાર છે તે પહેલા જ વરસાદે ખેડૂતોની આર્થિક રીતે કમર તોડી નાખી છે.

### જિલ્લામાં કેરીના પાકને ભારે નુકસાન

અમરેલી જિલ્લમાં છેલ્લાં પાંચ દિવસથી પડી રહેલા કમોસમી વરસાદને કારણે ઉનાળુ પાકને ભારે નુકસાન થયુ છે. માવઠાનો સૌથી વધુ માર કેરીના બગીચાના માલિકોને પડી રહ્યો છે. ગઈકાલે ખાંભા પંથકમાં પડેલા વરસાદને કારણે કેરીના પાકને નુકસાન થયુ હતું તો આજે ધારી પંથકમાં વરસાદ પડતા કેરીના બગીચા ધરાવતા ગાવિંદપૂર, દલખાણીયા, મોરઝર, ધારગણી સહિતના ગામોમાં કેરીના પાકનો સોથ વળ્યો છે. ભારે પવનને કારણે કેરીઓ ખરી પડતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. આમ, કમોસમી વરસાદે આંબાના બગીચા ધરાવનારાઓને આર્થિક ફટકો આપ્યો છે.

## ધો.૧૦-૧૨ની પરીક્ષા કોપી કેસમાં ૨૨૫ વિદ્યાર્થી દોષમૂક્ત, પાંચનું પરિણામ રદ

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીઓ સામે બોર્ડ દ્વારા પગલા લેવામાં આવ્યા હતા. ત્યારે રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં કોપી કેસની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે, તો કેટલાક વિદ્યાર્થીઓને દોષમૂક્ત કરી દેવામાં આવ્યા છે અને ગંભીર ગુનામાં ઝડપાયેલા વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરી દેવામાં આવ્યું છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ સીસીટીવીની ચકાસણી દરમ્યાન શંકાસ્પદ કોપી કેસની વિગતો બોર્ડને મોકલવામાં આવી હતી. જેમાં કોપી કરતા વિદ્યાર્થીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપાધ્યક્ષ ડી.એસ. પટેલે જણાવ્યું કે ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષામાં ૫૩૮ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતા ઝડપાયા હતા. જેમાંથી ૨૦૩ વિદ્યાર્થીઓને સીસીટીવી ચકાસણીના આધારે દોષમુક્ત કરાયા, જ્યારે ૨૦૪ વિદ્યાર્થીઓને જે તે વિષય બાકાત રાખી પૂરક પરીક્ષાને પાત્ર ઠેરવ્યા છે.











